(ચોઠાઓ તથા અરજીઓ સહિત.)

રચી પ્રસિદ્ધ કરનાર,

કેશવલાલ મનસુખભાઈ.

માસ્તર—અમદાવાદ મ્યુ૦ નિશાળ નંબર ૭.

આવૃત્તિ ૩ જી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ

આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૫૪ ફાગણ. સન ૧૮૯૭નો માર્ચ.

કીમત દોઢ આનો.

कागळ तथा दस्तावेजना नमूना.

(ચીઠીઓ તથા અરજીઓ સહિત.)

રચી પ્રસિદ્ધ કરનાર,

કેશવલાલ મનસુખભાઈ.

માસ્તર—અમદાવાદ મ્યુ૦ નિશાળ નંબર ૭.

આવૃત્તિ ૩ જી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૫૩ ફાગણ. સન ૧૮૯૭નો માર્ચ.

કીમત દોઢ આનો.

પ્રસ્તાવના.

નિશાળોનાં ધોરણમાં કાગળ અને દસ્તાવેજ દાખલ કરવામાં આવેલા છે. તેથી માર્ગ દર્શક નાની ચોપડીની ખોટ હોવાથી માસ્તરોને અને વિદ્યાર્થીઓને કેટલીક અડચણ છે એમ સમજી સન ૧૮૭૨ માં આ ચોપડીની પહેલી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

બીજા ગૃહસ્થો તરફથી પણ આ ચોપડીના જેવા ઉદ્દેશવાળી ચોપડીઓ તે વખતે બહાર પડી હતી, પણ બધા માણસના વિચાર હમેશા સરખા હોતા નથી. વિચાર સંકળના દરેકની ચોપડીમાં જુદી જુદી હતી. જેને જે વિચાર સંકળના ગમી તેણે તે જાતની ચોપડીને ઉત્તેજન આપ્યું મારી ચોપડીની પહેલી તથા બીજી આવૃત્તિ ખપી જવાથી આ ત્રીજી આવૃત્તિ સુધારા વધારા સાથે બહાર પાડી છે.

કેશવલાલ મનસુખભાઈ

કર્ત્તા.

અનુક્રમણિકા.

—:o:—

૬૫૧૭

કાગળ તથા દસ્તાવેજના નમુના.

ઉપમાઓની સમજણ.

*** વડીલ (આપણાથી મોટા)ની.**
પૂજ્યારાધે=પૂજા કરવા જોગ.
સર્વે=બધી.
શુભોપમા=સારી ઉપમા.
જોગ=લાયક.
સદા=હમેશા.
શુભેચ્છક=ભલું ઇચ્છનાર.
મુરબ્બી=વડીલ, મોટા.

*** બાપની.**
શિરછત્ર=માથાનું ઢાંકણુ.
તિર્થરૂપ=તિર્થ જેવા.
પિતાજી=બાપ.

*** માની.**
માતુશ્રી-માજી.

*** પતિ (સ્વામી) ની.**
શિરોમણી=માથાનો મુગટ.
સૌભાગ્ય ભૂષણ=જેના વડે સાર ભાગ્ય તેવા.

સાધારણની.
વિવેક=સારામાઠાની બુજ.
સાગર=સમુદ્ર.
ભાઇશ્રી } માન અર્થે.
રાજેશ્રી. }

મિત્રને.
મિત્ર=સ્નેહી.
પ્રિયમિત્ર=વહાલો દોસ્ત.
પરમપ્રિય મિત્ર=દીલોજાનદોસ્ત.

સરકારી નોકરને.
રાજ્યમાનરાજ્યશ્રી=રાજાનું માનછે તે.
સાહેબ મહેરબાન=દયાળુ શેઠ.

છોકરાની.
કુળદીપક=કુળમાં દીવો.
નેત્રમણી=આંખની કીકી.
ચિરંજીવી } લાંબી ઉમરવાળો.
દીર્ઘાયુ. }

કુમારિકાની.

---

* આ નિશાનવાળાને વડીલની ઉપમા લખાય.

સરસ્વતિરૂપ=સરસ્વતિ જેવી.

સધવાના.

અખંડ સૌભાગ્યવતી=હમેશા સારા ભાગ્યવાળી.

શ્રીમતી=ધનવાન,સારી બુદ્ધિવાળી.

મહાશયા=સદ્દગૃહસ્થની સ્ત્રી.

વિધવાના.

ભગવતી=હરિનુ ભજન કરનાર.

વડીલ વિધવાનો.

ગંગાસ્વરૂપ=ગંગા નદી જેવી પવિત્ર.

બેનપણીને.

પ્રિયસખી=વહાલી બ્હેન.

સાધારણની.

બ્હેન—
બ્હેનશ્રી. } માન અર્થે.

૪. અટકો વિષે સમજણ.

બ્રાહ્મણને—ગેર, જાની, જોશી, ત્રવાડી, દવે, પંડ્યા, પાઠક, પરોત (પુરોહિત), ભટ, મહેતા, રાવળ, વ્યાસ, શુકલ, શાસ્ત્રી વગેરે.

વાણિયાને—શા. (સાહુકાર , પારીખ, સંઘવી, વગેરે.

ભાટીઆ અને લુવાણાને—ઠા (ઠક્કર) કણબીને—પા. (પટેલ).

રજપૂતને—જાડેજા, સોલંકી, ચાવડા, વાઘેલા, ગોહેલ, વગેરે.

કોળીને—કોટવાળ, બારીઆ, પગી, ખાંટ, વગેરે.

મુસલમાન—શેખ, સૈયદ, પઠાણ, મલેક, (મોગલ, ને મીરજા,) વગેરે.

અંગ્રેજને—મહેરબાન. પારસીને—શેઠ, સુતારને—દાર.

બીજી નાતોમાં જે નાત હોય તે લખાય છે.

ધંધાની અટકો.

દાણા વેચનારને—રૂડીઆ, કણીઆ.

સીધું વેચનારને—મોદી, કરિયાણું વેચનારને—ગાંધી.

હીરા મોતી વેચનારને—ઝવેરી. દાગીના ગાંઠનારને—પટવા.
શાક વેચનારને—કાછીઆ, કુંજડા. પાનવાળાને—તંબોળી.
દૂધ વેચનારને—ભરવાડ. (સુરત તરફ ભાટીઆ.)
મીઠાઇ વેચનારને—કંદોઈ, સુખડીઆ.
ધાતુનાં વાસણ ઘડનાર તથા વેચનારને—કંસારા.
ઇમારતી લાકડાં વેચનારને—કાટપીટીઆ.
ઘરેણાં વેચનારને તથા તેની કીમત કરનારને—ચોકશી, સોનીવા-
વૈદું કરનારને—વૈદ્ય, દાક્તર હકીમ, [ણિયા.
બીજી જાતોમાં તે જે જે જાત હોય તે જાત લખાયછે.

નમસ્કારની સમજણ.

બ્રાહ્મણ બ્રાહ્મણો—દંડવત્ કે નમસ્કાર લખેછે.
બ્રાહ્મણ બીજા હિંદુને—આશિર્વાદ લખેછે.
બીજી જાતના હિંદુ બ્રાહ્મણને—દંડવત્ કે પ્રણામ લખેછે.
વૈષ્ણવમાં—જેગોપાળ, જેશ્રીકૃષ્ણ કે ભગવતસ્મરણ લખેછે.
શ્રાવક ને ઢુંડીઆ—જુહાર બોલે તથા લખેછે.
પાટીદાર, રજપૂત, કણબી, કાછીઆ, કોળી તથા ઊતરતી જા-
તના હિંદુમાં—રામરામ લખવાનો રીવાજ છે.
મોટાને (વડીલને)—પ્રણામ, દંડવત્ કે દંડવત્ પ્રણામ લખેછે.
બાપને અથવા ગુરૂને—સાષ્ટાંગ દંડવત્ પ્રણામ લખવાનો ધારો છે.
નાનાને (ઊતરતાને)—આશિર્વાદ કે આશિષ લખેછે.
નાના મોટા સર્વેને-ઘટારત કે યથાયોગ્ય લખાય.

હિંદુઓ—મુસલમાન, પારસી વગેરેને સલામ લખેછે તેમ બીજાઓ હિંદુઓને પણ સલામ લખેછે.

હિંદુઓમાં સરકારી નોકરને—સલામ લખવાનો ધારો છે.

હિંદુ સિવાયની બીજી જાતો (મુસલમાન, પારસી, અંગ્રેજ વગેરે) અરસપરસ સલામ લખેછે

મુસલમાન મુસલમાનને—દુવાસલામ લખેછે.

ભાગ ૧ લો.

* ચીઠિયો. (ટુંકોકાગળ).

મુરબ્બી માસ્તર સાહેબ.

વિનતિ જે—મારા પિતા આજ ઓટલેથી પડી ગયા છે તેથી મારે ઘેર રહેવાની જરૂરપડીછે, માટે આજનો દિવસ મારી રજા પુરવા મહેરબાની કરશો તા. ૧–૩–૯૨.

સેવક,

ભોગીલાલ કેશવલાલના પ્રણામ.

તિર્થરૂપ પિતાજી—

આપે બે વાગે ઘેર આવવાને કહેલું, પણ મારા માસ્તરસાહેબ તે વખત ત્રિરાશી સમજાવવાના છે, તેથી હું ઘેર આવી શકું તેમ નથી. તા.૫—૩—૯૨.

લી. શે,

ચિમનના પ્રણામ.

---

* ગામમાં ને ગામમાં અગર પાસેના ગામમાં લખાય છે.

મિત્રને ચીઠિયો.

પ્રિયભાઈ મોતીલાલ રણછોડદાસ.

વિનતિ જે—પરીક્ષા વખતે આપને ઈનામમાં જે ચોપડીઓ મળી છે તેમાંથી હાલ જે તમારા ખપમાં ન આવતી હોય, તે આ ચીઠી લાવનાર માણુસને આપશો. હું થોડા દિવસમાં વાંચીને પાછી મોકલાવીશ તા. ૧૦-૩-૯૨.

લી. સેવક,

મણીલાલ મગનલાલના પ્રણામ.

સ્નેહી મણીલાલ મગનલાલ.

તમારી ચીઠી લાવનાર માણુસ સાથે "પુસ્તકમાળા" ભાગ. ૨ જો" મોકલ્યો છે, તે વાંચી રહ્યા બાદ મોકલાવી દેશો. એજ વિનતિ તા ૧૦—૩—૯૨.

લી સેવક,

મોતીલાલ રણછોડદાસના ઘટારત.

નાના મોટા વચ્ચે ચીઠિયો.

ભાઈ ચુનીલાલ ગોવરધનદાસ.

વિશેષ તમે ધોળકે કયારે જવાના છો, તે લખશો. મારે તમારી સાથે કેટલોક સામાન મોકલવાનો છે. એજ તા ૨૦—૪—૯૨.

લી.

મહાશંકર મૂળજીના આશિર્વાદ.

સુરબ્બી મહાશંકરભાઈ.

મારે મોળકે જવાનો વિચાર હતો તે હાલમાં બંધ રહ્યો છે. જવાનું હશે ત્યારે બે દિવસ અગાઉ હું આપને ખબર આપીશ. જે મોકલવાનું હોય તે મોકલશો હું પહોંચાડીશ. એજ વિનતિ. તા. ૨૦-૪-૯૨.

લી. શે.

ચુનીલાલ ગોવરધનદાસના પ્રણામ.

વહેવારી કામની ચીઠિયો.

શા. મનસુખલાલ પરભુદાસ

લખવાનું કે—આ ચીઠી લાવનાર અમારા ગુમાસ્તા લલ્લુ ભાઈ ગોપાળને રૂ૫૦) અંકે રૂપિયા પચાશ અમારે નામે લખીને આપજો. એજ સવત ૧૯૪૮ ના ચૈત્ર વદી ૭.

લી

પરી. જમનાદાસ ભગવાનદાસ.

પરી. જમનાદાસ ભગવાનદાસ.

જત લખવાનું કે—તમારી ચીઠી લાવનાર ગોર. લલ્લુ ગોપાળને રૂ૫૦) અંકે પચાશ આપ્યા છે. તે અમારે ખાતે જમા કરજો. એજ સંવત ૧૯૪૮ ના ચૈત્ર વદી ૭.

લી.

શા. મનસુખલાલ પરભુદાસ.

ઘાંચી ગોવિંદ પરભુદાસ.

આ ચીઠી લાવનાર અમારા ચાકર વલ્લભને ધોળા તલનું તેલ અધમણ જોખી આપજો. તેના પૈસા અમારે નામે લખજો. સંવત ૧૯૪૮ ના ચૈત્ર વદી ૯.

લી.

મગનલાલ બ્રીજભૂખણદાસ.

મોદી. દામોદર હરજીવનદાસ.

આ ચીઠી લાવનારને અમારે નામે નીચે મુજબ સીધું આપજો.

દાળ શેર. ૩	ચોખા શેર. ૪
કણેક (ઘઉંનોલોટ) શેર. ૮	ઘી શેર ૩
ગોળ શેર. ૨ાા	તેલ શેર. ૧ા
મીઠું શેર ૦ા	હળદર શેર ૦ા
મરચા શેર. ૦ા	આમલી શેર. ૦ાા

કુલ તેવીશ શેર આપજો. સંવત ૧૯૪૮ ના ચૈત્ર વદી ૧૨.

લી.

સહી મગનલાલ શંભુલાલ દા. પોતાના.

મનોયત્ન ૨ જું.

૧. નાનાભાઇને આંક ભણી ગયાની ચીઠી, તેના માસ્તર ઉપર લખી આપો?

૨. પિતાજી સાથે વરઘોડે જવું છે માટે, રજા પુરવાને માસ્તર ઉપર ચીઠી લખો ?

૩. ગાંધીને ત્યાંથી રૂ. ૧) ની ખાંડ અને રૂ૦ા ની સોપારી નામે લખી મંગાવવાને ચીઠી લખો?

૪. તમારા ઘણા વહાલા મિત્રને તમારી જન્મગાંઠની ખુશાલીમાં ભાગ લેવા ચીઠી લખી તેડાવો ?

૫. મામાને ત્યાં કાલે જમવા ગયા ત્યારે અંગોટીઉં ભુલી ગયા છો, તે મંગાવવાને ચીઠી લખો ?

ભાગ ૨ જો. (કાગળો.)

કાગળમાં અવશ્ય લખવાની બાબતો.

૧—સારા અક્ષરથી શબ્દે શબ્દ છૂટા પાડી સંબંધ કાગળ લખવો.

૨—કાગળ જે ગામ લખવો હોય તે ગામનું નામ લખવું.

૩—કાગળ જેના ઉપર લખવો હોય તેની ઊપમા અને અટક લખવી.

૪—કાગળ જેના ઉપર લખવો હોય તેનું નામ લખવું.

૫—જે ગામથી કાગળ લખવો હોય તે ગામનું નામ લખવું.

૬—લખનારની યોગ્યતા, અટક ને નામ લખવું.

૭—લખનારે પોતાના તરફથી સલામ વિગેરે લખવું.

૮—લખનારે પોતાની તરફની સુખાકારી લખવી.

૯—કાગળમાં લખવાની હકીકત ટુંકાણમાં લખવી. નકામું લખાણ કરવું નહિં.

૧૦—કાગળ ક્યારે લખ્યો તે, સંવત,માસ,પક્ષ, તિથિ, વાર, લખવાં.

કાગળમાં આવતા કઠણ શબ્દો.

સ્વસ્તિ—કલ્યાણ.
શ્રી—શોભાયમાન.
બંદર—જ્યાં વહાણુનો માલ આવે છે તે ગામ.
મહા —મોટું.
શુભ—સારૂં.
સ્થાન—ઠેકાણું.
લી.—લખીતંગ, લખનાર.
આજ્ઞાંકિત—હુકમ પાળનાર.
સેવક—દાસ, ચાકરીમાં તત્પર
વિ.—વિદ્યમાન, જીવતું
આશિષ } આશિર્વાદ } સારૂં ઇચ્છવું.
સાષ્ટાંગ—આઠ અંગ સાથે.
દંડવત—લાકડીની પેઠે વળીને.
પ્રણામ—પગે લાગવું.
જેગોપાળ—ગોપાળ (પરમેશ્વર) ની જે
સેવામાં—ચાકરીમાં.
અંગીકાર કરવું—કબુલ રાખવું.
વિશેષ—વધારામાં, બીજું.
વિનંતિ—અરજ.

જત—જે.
અત્રે—અહીં
કૃપાથી—દયાથી.
કુશળ—સુખી.
આપની—તમારી.
કુશળતા—સુખીપણું.
પરમ—ઘણો.
આનંદ-ખુશી.
નિરંતર—હમેશા.
પત્રદ્વારા—કાગળમાર્ગે.
સંભાળ—અરદાશ.
સમાચાર—ખબર.
ચિંતા—ફિકર.
સંભાળી—યાદ કરી.
સંતોષ—નીરાંત.
ડાક- ટપાલ.
રવાને કરવું —વિદાય કરવું.
રોણક—સારો દેખાવ.
શ્રીમંત—પૈસાદાર.
ભાંડુ—ભાઇ બેન વગેરે.
કંકોત્રી—લગ્ન સંબંધી કાગળ.
નિરધાર્યા—નક્કી કર્યા.

સાથ સર્વે—કુટુંબ મિત્ર બધાં.
પધારજો—આવજો.
મંડપ—માંડવો.
દીસશે—દેખાશે.

કાળોત્રી—માઠી (મોતની) ખબર.
દેવલોક—સ્વર્ગલોક.
ઇચ્છિા—મરજી
સહેવું—ખમવું.

---

૧. દીકરાનો બાપ ઉપર કાગળ (ઘેરથી).

સ્વસ્તિ શ્રી   મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે સર્વે શુભોપમા જોગ સદાશુભેચ્છક મુરબ્બી શિરછત્ર તિર્થરૂપ પિતાજી   એતાનશ્રી   શ્રી લી. આજ્ઞાંકિત સેવક   ની.   ના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સેવામાં અંગેકાર કરશો. અત્રે ઇશ્વરકૃપાથી સર્વ કુશળ છે. આપની કુશળતાનો પત્ર હાલમાં આવ્યો નથી તેથી લખવાની કૃપા કરશો.

દાણાની મોસમ આવી છે માટે ખર્ચીને સારૂ રૂપિયા કોને સાંથી ઉપાડીએ તે લખશો, વગેરે.

મારી માતુશ્રી તથા અમે સર્વે બાંહું ખુશીમાં છીએ. ઘર તરફની કશી ફિકર રાખવી નહિ એજ વિનતિ. સંવત ૧૯   ના (માસ, પક્ષ, તિથિ ને વાર લખવાં.)

૨. બાપનો દીકરા ઉપર (ઉપરના કાગળનો જવાબ.)

સ્વસ્તિશ્રી   મહાશુભસ્થાને ચિરંજીવી ભાઈ
વિ.   એતાનશ્રી   થી લી. શુભેચ્છક   ના આશિર્વાદ વાંચવા. જત અત્રે હું ખુશી આનંદમાં છું. તમારી સુખાકારીનો કાગળ (માસ, પક્ષ, તિથિ ને વારનો) લખેલો આવ્યો, તે વાંચી આનંદ પામ્યો છું. એજ રીતે કાગળ લખતા રહેવું.

ખર્ચીને માટે તમારા કાકા મગનલાલ પાસેથી રૂ૨૫) લેવા.

અહીંઆં મારૂં કામ પંદરેક દિવસનું બાકી છે તે થઈ રહેથી હું આવીશ, ત્યારે તેમને આપીશ આ કાગળ તેમને વંચાવવો.

ઘરમાં નાનાં મોટાં સર્વેને મારા આશિર્વાદ છે. ચી. બેન ડાહીને મારીવતી રમાડજો, એને રડાવતા નહિ આપણાં પાડોશીમાંથી જે જે સંભારતાં હોય, તેમને મારા ઘટારત કહેવા એજ સંવત ૧૯૫૧ (માસ, પક્ષ, તિથિ વાર લખવાં.)

દીકરાનો બાપ ઉપર સુધરેલી રીતે ગામથી લખેલો.

લંડન (તારીખ, માસ, સન ને વાર.)

શિરછત્ર તિર્થરૂપ પિતા શ્રી.

આપના આશિર્વાદે ને ઇશ્વિરકૃપાએ હું ક્ષેમકુશળ અહીં પહોંચ્યો છું, તેમ આપ પણ કુશળ હશો. પિતાજી! મુંબાંઇ છુટતી વખતે મેં જે ખ્યાલ આ દેશ વિષે કર્યા હતો તેથી મેં ઘણું વિશેષ જોયુંછે.

પારીસનું વર્ણન—આહા!! હું તેનાં શું વખાણ કરૂં! આવી ખુબસુરત નગરી આખી દુનિયામાં નથી. તે જોઈ મારી નજરતો છકજ થઈ ગઈ! જોતાં જોતાંમાં સંશય પેદા થાય કે આ ખરો દેખાવ છે કે ખોટં? હું ઊંઘું છું કે જાગું છું? આ નગરી માણસની છે કે દેવતાની? આમ મનમાં કેટલીકવાર થયાં કર્યું રસ્તામાં કેવા કેવા ફુવારા અને સ્થંભો! ઠેકાણે ઠેકાણે કેવાં કેવાં ઝાડ અને બાગ! કેવાં કારીખાનાં! એક જોઇએ કે બીજું ભુલી જઇએ. આ જોઇએ કે તે જોઇએ. ઘરોની રોનક, દુકાનોની બહાર અને રસ્તાની ખુબસુરતી જોઇ જીવ ખુશ ખુશ થઇ જાય. દીવાળીના તહેવારમાં રાતની વેળાએ જેવા આનંદથી આપણે ફરવા નીકળીએ છીએ તેથી વધારે આનંદથી અહીંઆંના લોકો નિત્ય ફરવા નીકળે છે. આપ-

શ્રી મુંબાઇની દીવાળીતો અહીંની રોજની દીવાળીના વટાવમાં જાય.

લંડન શહેર—મોહું ને અંબાવર છે, તેમાં ૪૫ લાખ માણસની વસ્તી છે. હિંદુઓને ધર્મ જાળવતાં કશી હરકત આવતી નથી. અનાજ, શાક, દૂધ વગરે જોઇતી ચીજો મળી શકે છે મેં "કયુમ્બડન ટૌન"માં ઘર ભાડે રાખેલુંછે. ભાડુ દરમાસે ૧૦ પીંડ એહું છે. મકાન શણુગાર અને સામાન સુદ્ધાંછે. હું બારીસ્ટરની કાલેજમાં દાખલ થયોછું. કાલેજનો વડો, પરદેશી પ્રત્યે બહુ પ્રીતિ રાખેછે. મને અહીં કોઇ જાતની હરકત નથી. હવાપાણી પણુ થોડા સહવાસે માફક આવે એવાંછે.

આપ સુખાકારીનો પત્ર લખશો, આનંદી બેનને મારી આશિષ કહેશો. મારી માતુશ્રીને દંડવત્. એજ તા.-સદર.

લી. આજ્ઞાંકિત. છોરૂં

નાસાષ્ટાંગ દડવત્ પ્રણામ.

---

૪. બાપનો દીકરા ઉપર કાગળ (ઉપરના પત્રનો જવાબ.)

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને કુળદીપક નેત્રમણી ચિરંજીવી.

એતાનશ્રી લી. શુભેચ્છક ના આશિર્વાદ

વાંચવા જત અત્રે સર્વે ખુશી આનંદમાં છીએ. તમારી કુશળતાનો પત્ર (તારીખ, માસ, સનનો) લખેલો આવ્યો તે વાંચી સર્વને આનંદ થયો છે. એ રીતે હમેશા પત્ર લખતા રહેજો.

પારીસ આખી દુનિયામાં સારામાં સારૂં શહેર છે, તેનો અનુભવ જાતે જોયા વગર થતો નથી. પારીસ જોવાથી તમને જે આનંદ થયો તે થવોજ જોઇએ. તેમ લંડન વિષે પણ થયો હશે. દુનિયામાં જોવાનું ઘણું છે, પણ તે બધું જોવાને માટે નથી; પણુ તેમાંથી શીખવાને માટે છે.

પરદેશીપર, લુચ્ચા લફંગા વહેલા ફાવે છે; માટે લંડન જેવા મોટા શહેરમાં વધારે સાવચેત રહેવાની જરૂર છે. સોબત કરવી તે પણ કાલેજના હુશિયાર ને આબરૂદાર છોકરાની કરવી.

આપણા દેશની સ્થિતિ કેવી માઠી છે, તે પારીસ ને લંડન જોવાથી તમારા મનમાં ઠશી હશે. ઘણા દેશીઓ ત્યાં જાય, તો દેશની સ્થિતિ ફરે; માટે તમારે દેશીમાં દૃષ્ટાંતરૂપે થવાનું છે.

ઘરમાં આનંદીબેનને તથા તમારી માતુશ્રીને તમારા વગર બીલકુલ ગમતું નથી. સંવત (માસ, પક્ષ, તિથિ ને વાર લખવાં).

વડીલ ઉપરનો કાગળ ૧ લો.

(કાકા, મામા, માસા, મોટા ભાઈ વગેરે ઉપર.)

સ્વસ્તિશ્રી મહાશુભસ્થાને પૂજ્યારાધ્ય સર્વે શુભોપમા જોગ સદા શુભેચ્છક મુરબ્બી શા. એતાનશ્રી થા લી. આજ્ઞાંકિત સેવક શા. ના *દંડવત્ પ્રણામ સેવામાં અંગીકાર કરશો. જત અત્રે આપની કૃપાથી કુશળ છે. તમારી કુશળતાનો પત્ર (માસ, પક્ષ, તિથિ, વારનો) લખેલો આવ્યો તે વાંચી ઘણો ખુશી થયો છું. વળી એજ પ્રમાણે પત્ર લખવાની કૃપા કરતા રહેશો.

આપણી નાતમાં તડનું સમાધાન થયું નથી ને હાલમાં થાય એમ લાગતું નથી, તે જાણજો + વગેરે. ચી. માણેકલાલ તથા ચમન અને ચંચી તથા તેની બા સર્વે ખુશીમાં છે અને તેમણે સર્વે ના-

* મથાળામાં ઘણાં નામ લખ્યાં હોયતો "યથાયોગ્ય" લખવું.

+ ઘણી બાબતો લખવાની હોય તો દરેક બાબત જુદાં જુદાં પેટા પાડીને લખવી.

નાં મોટાંની ખબર પૂછાવી છે. મજસરખું કામ લખશો. એજ વિનતિ. સંવત ૧૯૪૮ ના (માસ, પક્ષ, તિથ, વાર લખવાં).

ઉપરના કાગળનો જવાબ (ઊતરતા ઉપર.)

(ભાણેજ, ભત્રિજો, નાનોભાઈ વગેરે.)

સ્વસ્તિશ્રી મહાશુભસ્થાને સર્વે શુભોપમા લાયક શા. એતાનશ્રી થી લી. શુભેચ્છક શા. ના આશીર્વાદ વાચજો. જત અત્રે સર્વ કુશળ છે. તમારી કુશળતાનો કાગળ (માસ, પક્ષ, તિથિ, વારનો લખેલો) આવ્યો તે વાંચી આનંદ થયો. વળી એજ રીતે કાગળ લખતા રહજો જેથી સંતોષ ઊપજે.

ઈશ્વરકૃપાથી તથા ઘરડાંના પુણ્ય પ્રતાપે ગઈ કાલે ચી. ભાઈ છોટાલાલનું સગપણ ગામ ના શા. નરોત્તમ નાગરદાસની દીકરી રૂકમણી સાથે થયું છે તે જાણજો.

ચી. માણેકલાલ, ચમન અને ચંચી તથા વહુ સહુને અમારા આશિર્વાદ કહેવા. ઘરમાં સર્વ તમને સંભારેછે માટે ભાઈ છોટાલાલનું લગ્ન આવતા ચૈત્ર માસમાં લેવાનું છે તે પ્રસંગે સર્વેને તેડતા આવજો. કામકાજ લખજો. એજ સંવત ૧૯૪૮ (માસ,પક્ષ,તિથિ ને વાર લખવાં).

શેઠ ઉપરનો કાગળ.

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને સર્વે શુભોપમા જોગ શુભેચ્છક સુરબ્બી શેઠ શ્રી પંચ શેઠ એતાનશ્રી બંદરથી લી શા. ના જેગોપાળ વાંચજો. જત આપની કૃપાથી હું ખુશીમાં છું. તમારી સુખાકારીનો કાગળ (માસ, પક્ષ, તિથિ વારનો) લખેલો આવ્યો તે વાંચી વાકેફ થયો છું.

ધારા સભામાં કાપડ ઉપરની જકાતનું બીલ આવવાથી કાપડનું બજાર તેજ થતા પહેલાં મેં રૂ ૨૦૦૦)નું કાપડ ખરીદ કર્યું છે માટે હુંડી મોકલાવી દેશો.

મારા ઘરનો કાગળ આ સાથે બીડયો છે, તે મારે ઘેર પહોચડાવશો. એજ વિનતિ. સંવત ૧૯ (માસ, પક્ષ, તિથિ, વાર લખવાં).

ઉપરના કાગળનો જવાબ. (ગુમાસ્તાને)

સ્વસ્તિશ્રી બંદરે મહાશુભસ્થાને વિવેક સાગર શા.

એતાનશ્રી લા. શા ના જે

ગોપાળ વાંચજો. જત અત્રે કુશળ છે. તમારી ખુશાલીનો પત્ર (માસ, પક્ષ, તિથિ ને વારનો) લખેલો આવ્યો, તે વાંચી ખુશી થયો છું.

તમે આગમચેતી વાપરી રૂ૨૦૦૦) નો માલ ખરીદ કર્યો એ બહુ સારૂં કર્યું. આજરોજ પરી. બોહતા સાંકળા ઉપરની રૂ ૨૦૦૦) ની હુંડી બીડીછે. તે શિકરાએ નાણું લઈ જુવાબ લખજો.

તમારા ઘરનો કાગળ પહોંચાડયો છે. એજ સંવત ૧૯ (માસ પક્ષ, તિથિ, વાર લખવાં)

મિત્ર ઉપર કાગળ. (સુધરેલી રીતમાં.)

દેલવાડા તા. ૧૭-૧૦-૯૧ શનિવાર.

પરમપ્રિય મિત્ર તથા સૌભાગ્યવંતાં ભાભી

અને નેત્રમણી (છોકરાંનાં નામ).

મુ. અમદાવાદ.

જત અત્રે પરમદયાળુ પરમાત્માની સહાયતાથી અને તમ સ-

રખા મિત્રની આશિષથી સુખશાતામાં છું. તમારી કુશળતાનો પત્ર ઘણા દિવસથી નથી માટે લખશો.

ભાઈજી ગઇ કાલે રાત્રે ત્રણ વાગતાને સુમારે તમારી ભાભીને પુત્ર પ્રસવ્યો છે, એ આનંદદાયક વાતથી વાકેફ થશો

આજરોજ તમારા ઉપર રૂા ૨૫) નો મનીઑર્ડર મોકલાવ્યો છે, તેની વ્યવસ્થા નીચે મુજબ કરજો.

રૂ. ૨૦) વીશ રૂપિયા. રા. સા. મહીપતરામના ફંડમાં તમારી મારફત મેં અગાઉ ભરાવ્યા હતા તે મુરબ્બી. ખુશાલદાસભાઇને ત્યાં ભરી દેશો.

રૂ ૫) નો મુગટો ૧) બે અગર પાણીએ ગજી, તમારી મરજી આફક લેઈ; કોઈ આવતા જતા માણસની જોડે મોકલાવશો. માલ ઘણોજ સારો લેશો. હિસાબ બીડશો પ્રીતિમાં વધારો કરશો.

લી. મળવાને આતુર સેવક.

ના પ્રણામ.

લગ્નની કંકોત્રી.

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને, પૂજ્યારાધે સર્વે શુભોપમા લાયક શા. તથા (બીજાં નામ) એતાનશ્રી થી લી. શા. ના જેગોપાળ વાંચજો. બીજું લખવા કારણ એ છે જે અમારા ભાઇનું શુભ લગ્ન (માસ, પક્ષ, તિથિ, વાર નું) નિર્ધાર્યું છે, તે ઉપર સાથ સર્વેને તેડી વહેલા પધારજો, તમો આવેથી મંડપની શોભા રૂડી દેખાશે. એજ વિનતિ. સંવત ૧૯ ના (માસ, પક્ષ, તિથિ, વાર, લખવાં).

જનોઈ આપવાની કંકોત્રી.

મહેરબાન.

વિશેષ વિનતિ કે—ચી. નેજનોઇ આપવાનું શુભ મુહૂર્ત મહા સુદ ૧૩ તા. ૩૦–૧–૯૩ ને સોમવારે સવારમાં નવ વાગતાં નિર્ધાર્યું છે તે પ્રસંગે આપ સહ કુટુંબ મિત્રમંડળ સહીત પધારી સેવકના આનંદમાં વૃદ્ધિ કરશો. મહા સુદ ૬.

અમદાવાદ ઘીકાંટે. નાનીહમામ } લી. સેવકના પ્રણામ.

મરણ બાબતના કાગળ (કાળોત્રી.)

વૃદ્ધનો.

ગામ મધે પા. તથા પા. વગેરે. જોગ ગામ કણબેથી લી. પા. ના રામ રામ વાંચજો. જત લખવા કારણ એ છે જે અમારા કાકા પા. સંવત ૧૯ (માસ, પક્ષ, તિથિ ને વાર) દેવલોક પામ્યા છે તે જાણજો. તેમનું ખર્ચ મહા વદી ૩ ને વાર શનેઉનું છે, તે ઉપર પધારજો. સંવત ૧૯ (માસ, પક્ષ, તિથિ વાર). (પાકીટ ઉપર લુગડાં ઉતારી વાંચવો એમ લખવું.)

(જુવાનની.)

ગામ મધે પા. તથા પા. જોગ ગામ કણબેથી લી. પા. ના રામ રાગ વાંચવા. જત લખવા કારણ એ છે જે અમારા ભાઇ સંવત ૧૯ (માસ, પક્ષ, તિથિ વાર) દેવલોક પામ્યા છે, તે ઘણું માઠું થયું છે; પણ શ્રી રામજીને ગમ્યું તે ખરૂં. સંવત ૧૯૪૮ ના ચૈત્ર શુદી ૫

દિલાસા પત્ર.

અમદાવાદ. તા. માસ. સન. વાર.

રા. રા.

મુ. ખેડા.

તમારા પિતાજીના સ્વર્ગવાસ થયાના સમાચારથી અમારા કુટુંબમાં ઘણી દિલગીરી વ્યાપી રહી છે. તે એવા મમતાળુ હતા કે તમને તો શું ? પણ તેમના સહવાસમાં જે જે માણસો આવ્યાં હશે તે સર્વને, આ માઠા સમાચારથી દિલગીરી થયા વગર રહેવાની નથી.

સર્વને હદ હોય છે, તેમ માણસના જીવનની પણ હદ હોય છે. જન્મ્યું તે જવાનું એ સત્ય વાત છે. તમારા પિતાજી તો અવસ્થાએ પહોંચ્યા પછી ગયા છે તેમની ખોટ કોઇથી પૂરી પડે એમ નથી. ઇશ્વર ઇચ્છાજ જ્યારે એવી છે તો તે પરમ કૃપાળુ પ્રભુ પાસે માગીએ છીએ કે તેમના અમર આત્માને અક્ષય સુખ આપે. લી. ના ઘટારત.

સ્ત્રીને પત્ર.

સ્વસ્તિશ્રી મહાશુભસ્થાને અખંડ સૌભાગ્યવતી એતાનશ્રી થી લી. શુભેચ્છક ના આશિર્વાદ વાંચવા. અત્રે હું ખુશી આનંદમાં છું, અને તમે પણ હશો.

હે સુંદરી ! આ દુનિયામાં જન્મ ધરીને જેણે જ્ઞાન સંપાદાન નથી કર્યું, તે જીવતાં મૂઆં છે. જ્ઞાને કરીને આપણાં શાં કર્ત્તવ્ય છે તે બરાબર સમજાય છે, માટે તમે અભ્યાસ વધાર્યા કરજો, પત્ર લખતાં રહેશો. સંવત ૧૯ (માસ, પક્ષ, વાર, લખવાં)

સ્ત્રીએ સ્વામીને લખવાનો પત્ર.

સ્વસ્તિશ્રી   મહાશુભસ્થાને પુજ્યારાધે શીરોમણી સ્વામી-નાથ.   જોગશ્રી   લી. આજ્ઞાંકિત   ના દંડવત્ પ્રણામ અંગીકાર કરશો. પરમ કૃપાળુ પ્રભુની તથા આપની દયાથી હું સુખમાં છું. આપની સુખાકારીનો મંગળ પત્ર અષાડ વદ ૮ નો મને મળ્યો, તેથી આનંદ પામી છું, આશા રાખું છું કે એજ પ્રમાણે સંભાળ લેશો.

અત્રે મને સર્વ પ્રકારે સુખ છે. આપે કરેલી સૂચના બરાબર છે. તે પ્રમાણે હું અભ્યાસ આગળ ચલાવું છું, અત્રે નાનાં મોટાં સર્વે આપને સભારે છે, માટે ફુરસદે પધારશો. સંવત ૧૯ (માસ. પક્ષ, તિથિ, વાર લખવાં.)

દીકરીનો મા ઉપર કાગળ.

સ્વસ્તિશ્રી   મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સરવે શુ-ભોપમા લાયક ગંગા સ્વરૂપ માતાજી   એતાન શ્રી   થી લી. તમારી પુત્રી બેન   ના દંડવત્ પ્રણામ માન્ય કરશો. તમારા પ્રતાપથી હું તથા ઘરનાં સર્વે માણસો સુખમાં છીએ. આપનો સુખાકારીનો પત્ર નથી માટે મન ઘણુંજ ઉદાસ રહે છે.

માજી, મેં આગળથી જરા અળગી ન કરતાં હતાં તે પુત્રીને છેક વિસારી દેવી શું તમને ઘટે છે ? આશા છે કે આ કાગળ વાંચી તુરત કાગળ લખશો.

ચી. ભોગીલાલ ને ચમન સારા છે, બેન ડાહી માંદીને માં-દી રહેછે.

ઘરમાંથી મારા સ્વામીએ, તથા નાનાં મોટાં સર્વેએ ખબર પૂછાવી છે; કાગળ લખશો. સંવત ૧૯૫ (માસ, પક્ષ, તિથિ, વાર, લખવાં.)

માનો દીકરી ઉપર કાગળ.

વાડાશીનોર તા. ૨-૮-૯૫

બેન મહાકોર.

અમદાવાદ.

તમારો તા. ૨૮-૭-૯૫ નો કાર્ડ મળ્યો છે. વળી તેજ પ્રમાણે સુખાકારીનો કાગળ લખતાં રહેવું.

પ્રીય પુત્રી તમે પરદેશમાં અભ્યાસ કરવા ગયાં છો, ત્યાં આપણું કોઇ નહિ માટે તમારાં મડમ સાહેબની સલાહ પ્રમાણે ચાલવું. આપણા દેશના રીતભાતથી તે અજાણ્યાં હોય તે બાબતમાં હિંદુ શિક્ષકોની સલાહ લેવી. ઊંચા શિક્ષણની સાથે સદ્ગુણો શીખવાનું એ ખરૂં ઠેકાણું છે.

લી. તમારી માતા,
જયાગવરીના આશિર્વાદ વાંચવા.

(બ્હેનનો ભાઇ ઉપર કાગળ.)

કપડવણજ તા. ૨૫-૭-૯૨

મોટાભાઈ નારણલાલ જેઠાભાઇ.

અમદાવાદ.

તમારો કાગળ તા. ૨૦ મીનો લખેલો આવ્યો તે વાંચી આનંદ થયો છે, વળી એજ રીતે લખતા રહેશો.

અત્રે સર્વે ખુશીમાં છે. મારી સાસુજી જેઠ વદ ૮ ને દિવસે જાત્રાએ ગયાં છે, તેથી મારાથી આવી શકાય એમ નથી. માટે ઘેરથી બીજા કોઇને તેડાવશો.

મારાં ભાભી પ્રસન્નને મારા આશિર્વાદ કહેશો. ચી. ડાહ્યાભાઈ મણીલાલ, મોહનલાલ ને ચંચીની ખબર લખશો. નાનુને રમાડશો.

લી. બ્હેન

મહાકોરના યથાયોગ્ય.

ભાઇનો બ્હેન ઉપર.

અમદાવાદ. તા ૩૧-૭-૯૨

સૌભાગ્યવંતી બ્હેન ગણી કેશવલાલ.

નડિયાદ.

હાલમાં તમારો કાગળ નથી માટે લખશો. અત્રે સર્વે સુખ શાતામાં છે.

તમે ત્રણ વરસ થયાં આવ્યાં નથી તેથી તમારી ભાભી ઝંખે છે, માટે એક વાર આવી જાઓ તો સારૂં તમે જ્યારે આવવાનાં હો ત્યારે અમને લખશો કે ગાડી ઉપર લેવા આવીએ

છોકરાંની સંભાળ રાખશો. મારા બનેવીને કહેશો કે તેઓ કાગળ લખે. તમારી સાસુને મારા ઘટારત કહેશો.

લી. ભાઇ

ચુનીલાલ કેશવલાલના આશિર્વાદ.

બેનપણી ઉપરનો કાગળ.

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને સર્વે શુભોપમા જોગ અખંડ સૌભાગ્યવતી બેન એતાનશ્રી થી લી. વિયોગી બેન ના પ્રણામ વાંચશો. અત્રે સર્વે કુશળ છે અને તમારી કુશળતાનો પત્ર લખશો.

સખી ? નાનપણમાં ભેગાં રમતાં જમતાં હતાં, તે આજે એવાં તો જુદાં પડી ગયાં છીએ કે મળવું દુર્લભ થઇ પડયું છે. બેન પ્રિયત્તમ અભ્યાસને માટે મુંબાઈમાં રહે છે, પણ મારાં સાસુજી સારાં છે તેથી કશું જણાતું નથી. હેત ભાવ છે તેવોને તેવો રાખશો. કાગળ લખતાં રહેજો. એજ વિનતિ. સંવત ૧૯ (માસ, પક્ષ, તિથિ ને વાર લખવાં.)

બેનપણી ઉપર કાગળ ૨ જો. (ઉપરનો જવાબ).

વહાલી બેન.

મુ.

તમારો (માસ, પક્ષ, તિથિ ને વારનો) લખલો કાગળ મને મળ્યો છે. વાંચવાથી આનંદ થયો છે. એજ પ્રમાણે હમેશા પત્ર લખી ઉપકારી કરશો.

પ્રિયત્તમ અભ્યાસ માટે મુંબાઇમાં રહે છે તે તમને હાલ દુઃખ છે ખરૂં, પણ ખરેખરૂં જોતાં તે દુઃખ આગળ ઉપર સુખરૂપ થશે.

સાસરિયામાં દ્રષ્ટાંત રૂપે થઈ, વિદ્યાની ખરી ખુબીની લોકને ખુબ કરાવવી; એ આપણી વિદ્યાનું સાર્થક છે. ઉભય કુલની શોભા, આપણી રહેણી કરણીમાં રહેલી છે તે તમે સારી પેઠે સમજો છો. આવતા ચૈત્ર માસમાં મારા મગનભાઇનું લગ્ન લેવાનું છે, તેઉપર હું

પીયર જવાની છું. તમારાથી બને તો આવજો કે મેળાપ થાય. હેતભાવ રાખો છો તેથી વિશેષ રાખજો. એજ. (તા. માસ ને સન)

લી. તમારા વિયોગે દુઃખી

ના પ્રણામ.

ઇનામના મેળાવડાનું આમંત્રણ.

મહેરબાન સાહેબ.

ઉત્તર પ્રાંતના મે. કમીશનર સાહેબ બહાદુરના હાથથી તા. ને રોજ સાંજના વાગે નિશાળના મકાનમાં ઇનામ વહેંચાવાનાં છે તે પ્રસંગે પધારવા તસ્દી લેશો. તા. ૧૭–૨–૯૭

લી. સેવક.

ગિરધરલાલ ગોવરધનદાસ

ના પ્રણામ.

પ્રોગ્રામ.

(૧) ભલે પધાર્યાનું ગીત.
(૨) નિશાળનો વૃત્તાંત, (રિપોર્ટ)
(૩) કીન્ડર્ગાર્ટન, કસરત, ગીત.
(૪) સંભાષણ
(૫) રાજ્યગીત.

મનોયત્ન.

૧ અમદાવાદમાં અભ્યાસ માટે રહેલો છોકરો, પોતાના બાપને લખી જણાવે કે આ સાલ પાસ થઇ વર્ગ ચઢ્યો છું. નવી ચોપડીઓ લેવી છે, માટે રૂ. ૨૫) મોકલાવો. તેનો કાગળ કેમ લખશો ?

૨ તમારાં માત પિતા જાત્રાએ ગયાં છે, તેમના મંગાવવાથી રૂ. ૫૦) નો મનીઑર્ડર કર્યો. તેની તેમને કાશીક્ષેત્રમાં ખબર આપો.

૩ તમારી નાની બેનનું લગ્ન વૈશાખ શુદ ૩ ને બુધવારનું છે, તેની કંકોત્રી તમારા કાકાને લખો.

૪ તમારા મિત્રને સુરત કાગળ લખો કે તમારે માટે "કરણુ ઘેલો" નામની ચોપડી તરત તમારા ઉપર બીડે.

૫ તમારા શેઠે આપેલા હુકમ પ્રમાણે, બજાર તેજ હોવાથી રેશમની પેટી પાંચ તમે ખરીદી શક્યા નથી તેનો કાગળ લખો.

૬ તમારી બેનને ભાણીગો અવતર્યાની વધામણી, તમારા બનેવીને લખી જણાવો.

૭ એક વિધવા બ્રાહ્મણીને તેના જમાઇ ઉપર કાગળ લખી આપો. તે માંદી હોવાથી તેની દીકરીને તેડવા ગએલા માણસ સાથે મોકલે.

૮ તમારા કાકાનો એકનો એક પુત્ર ગુજરી જવાથી તેને દિલાસાપત્ર લખો.

૯ તમારા ફળીઆમાં આગ લાગવાથી પા. રામદાસ બાપુજીનું ઘર બળી ગયું. બીજું નુકશાન થયું નથી. તે વખતે તમે કેટલા ગભરાયા હતા, તેની તમારા મોટા ભાઇને પુને ખબર આપો.

૧૦ એક સધવા પણ વૃદ્ધ સ્ત્રીનો સ્વામી મુંબઇમાં રહેછે. માટે ફસલમાં દાણા ભરવાને રૂ ૫૦) જોઇએ. તે કોને ત્યાંથી લેવા તેનો કાગળ લખી આપો.

ભાગ ૩ જો.

દસ્તાવેજમાં લખવા જેવી બાબતો.

૧. સંવત, માસ, તિથિ, વાર, તારીખ, માહે, સન.

૨. દસ્તાવેજ લખાવી લેનારની અટક, નામ, ને રહેવાનું ઠેકાણું (કેટલાકમાં ઉમ્મર, જ્ઞાત, કસબ) લખાય છે.

૩. દસ્તાવેજ લખી આપનારની અટક, નામ, ને રહેવાનું ઠેકાણું (કેટલાકમાં ઉમર, જ્ઞાત. કસબ) લખાયછે.

અંગાઉ ખતમાં.

अ રોકડા આપેલા કે હિસાબ કરી બાકી કાઢેલા રૂપિયાનો આંકડો, વ્યાજનો દર અને મજમલે માસ એકનું વ્યાજ.

ब રૂપિયાને પેટે કાંઇ અવેજ હોય તો તે યા જામીન હોય તો લખવું.

क રૂપિયા શીરીને ભરે તે લખવું (હપ્તા છે કે જ્યારે ધણી માગે ત્યારે.)

ગીરો તથા વેચાણ ખતમાં.

अ આપવાની મિલકત કઇ રીતે મળી છે (બાપીકી કે વારસામાં મળેલી) તે લખવું.

ब સ્થાવર મિલકત હોય તો ગામ, મહોલ્લો કે વગાનું નામ, તેના ખુંટ, માપ, સરકારમાં નોંધાએલો નંબર અને તાલુકો, જીલ્લો લખવાં.

क જંગમ મિલકત હોય તો—તેનું વર્ણન (રૂપ, ડોળ વગેરે) લખવું.

ड મિલકત કેટલા રૂપિયા લઇ આપી તે, તથા કેવી સરતે આપી (વેચાણ કે ગીરો) તે લખવું.

इ મિલકતની સાથે જૂના જે જે દસ્તાવેજ આપવામાં આવે તે જણાવવા.

ગીરો ખતમાં.

अ કેટલી મુદતને માટે દસ્તાવેજ કરેલો છે તે મુદત લખવી

ब આસમાનીસુલતાનીએ કે ભાગે તૂટે કોણ જવાબંદારછે તે લખવું.

વેચાણ ખતમાં.

अ આપનારનો કોઇ પ્રકારનો હક રહે છે કે કેમ તે જણાવવું.
ब આપેલી જમીનમાંથી કાંઈ જડે તો તે ઉપર કોનો કેટલો હક છે ને લખવું.
क આપેલી મિલકતના હક જણાવવા (જેવા કે પાણીનો નીકાલ, જવા આવવાનો માર્ગ, બાજરૂ, કૂવો ને ઝાડ વગેરે ઉપરના હક)

ગણોત ને ભાડાચીઠીમાં.

अ કેટલી મુદ્દત માટે છે તે લખવું.
ब કેરાયું કયારે ભરે (દરમાસે કે દરવરસે)
क કબજો મુદત થયે બિન તકરારે સ્વાધીન કરે.

૪ દસ્તાવેજ લખતી વખતે લખી આપનારની તબીયત કેવી હતી તે લખવું.

૫ દસ્તાવેજ લખી આપનારનું મતુ, સહી અથવા નિશાન તેના હાથેજ કરાવવું.

૬ દસ્તાવેજના ખરાપણા માટે આબરૂદાર માણસની સાક્ષીઓ તથા લખીતંગની સાક્ષી કરાવવી.

દસ્તાવેજમાં આવતા કઠણ શબ્દના અર્થ.

કરજાઉ—કોઇની પાસેથી વ્યાજે લીધેલું નાણું.
આદેઅંગ - લખાવી લેનાર પહેલો માણસ.
હસ્તા ખરણ દતવા - હાથ દસકતથી લખી આપેલું દેવું.
જત - જે જે કાંઇ લખવું હોય તે જોડેનો સંબંધ.

અંગ ઉધાર—જાત તથા સાખ ઉપર લખાવી લઇ ધીરેલું નાણું.
જાત મિલકતથી—જાતથી તથા મીલકતથી.
વાલીવારસ—પરવરી કરનાર તથા મુવાપછીદોલતનો ભોગવટોકરનાર.
વસુલ—માગતાના પેટે જે નાણાં ભરાય તે.
તબીયત બહાલ—શરીરની હુશીઆરી.
એકામત એકાજત—ઘણાં મતાં કરનાર પૈકી એક જણ.
બાપના બોલ—બાપનું બોલેલું.
કાંધાખત—હપતા કરી ખત લખવું તે.
સાનખત—અવેજમાં આપેલી ચીજ બાબતનો લેખ.
ખુંટ—હદ, ચતુર સીમા.
ઉપર દળ—જમીન ઉપરની ભીંતો તથા કાઠમાળ.
ચાલચોક-ફરવા હરવાનો રસ્તો તથા ઘર આગળની છુટી જમીન.
રીવીઝનસરવાઇ-સરકારે ફરીથી જમીન માપેલી તે.
કાબવેરી કાળી. (ભેંસના રંગનું નામ)

અંગાઉ—શરીર ઉપર.
વાસ્તેવંગ - રહેવાશી.
જોગ - સાગા
મજમલે—એકઠા, એકંદર
વિગતવાર—બાબતવાર.
ગ્નાતે—નાતે.
વ્યાજવરા—વ્યાજવગેરે ધીરધાર.
દેવધર્મ—પોતાનો ધર્મ.
મતુ—સહી.
શાખ—શાહેદી.
સાનમાં—અવેજમાં અથવા સાટે.

વર્ષે—વરસમાં.
પારસાત - પાછલના.
લી.—લખી આપનાર.
બાધા—બાંધ્યા, એકઠા.
પાવતી—પહોંચ.
કસબ ધંધો.
મજકુર—ઉપર બતાવેલું.
અત્ર - અહીંઆં..
તત્ર—ત્યાં.
ખડે—બંધ રહે, અટકે.
સદરહુ—ઉપર જણાવેલું

દીલસાબીતી—સાફ દીલથી.
શેરી - ફળીયું.
રાજમાર્ગ—ધોરી રસ્તો
મુજબ—રીતે, પ્રમાણે.
ગીરો—ધરાણિયું
અલાખો—હક, સંબંધ, દાવો.
સનંદ્યું—સનંદ મળેલું.
વિદ્દિત—વેચાણ.
નિર્ભ્રાત—વહેમ વિનાનું.
સાંથ-ગણોત, ખેતરનું ભાડું.
ભાડાચિઠી—ભાડે આપેલાનો દસ્તાવેજ.
ફારગતી—કોઇ પણ સંબંધથી છૂટવાનો લેખ.
વીલ - વ્યવસ્થાપત્ર.
વ્યવસ્થા—ઘટતી ગોઠવણ, બંદોબસ્ત.
સ્થાવર મિલકત-સ્થિર મિલકત-બીજે ઠેકાણે લઇ ન જવાય તેવી મિલકત.
જંગમ મિલકત—ઉપાડી શકાય તેવી દોલત.
કરાર } ઠરાવ } કબુલત, બંદોબસ્ત કર્યા બાબતનો લેખ.

રૂએ—રીતે
પૈકી - તે મધેથી.
નેવ ચૂએ છે—નેવ ટપકે છે.
પત્યા —પહેચ્યા
કિત્તા—ખેતરનો ભાગ.
જીલ્લા ટુકડી—જીલ્લાનો ભાગ.
પેટા ટુકડી - પેટાનો ભાગ.
અભૂમકુલ—દાવા વગરનું.
ખરીફ—ચોમાસુ પાક.
ગણોત-સાંથ-જમીનનું ભાડું.
જઈફ—ઘડપણ.

ભલામણ.

સ્વસ્તિશ્રી મહાશુભસ્થાને સર્વે શુભોપમા લાયક શા.
જોગશ્રી લી શા. ના જેગોપાળ વાંચજો.
જત અત્રેથી પા. તમારી તરફથી આવ્યા છે, તેમને જ-

ફેર પડે તો રૂ સુધી અમારે ખાતે લખીને આપજો ને તેની પહોંચ લખાવી લઇ અમારા ઉપર બીડજો. તેની બાંધણી અજથી દિન સુધીની છે. તે પછી લેવા આવે તો અમારો જવાબ મંગાવીને આપજો. સંવત ૧૯૫ (માસ, પક્ષ, તિથિ ને વાર લખવા)

લી. પરી. જત આ હુંડી શિકારી નાણું આપજો.

હુંડી. (નામજોગી.)

સ્વસ્તિ શ્રી બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધે પરી શ્રી પંચ પરી. એતાનશ્રી લી. પરી. ના જેગોપાલ વાંચજો. જત અત્રેથી રાખ્યા. પંડ્યા. પાસેથી રૂ ૨૫૦) અંકે બસેને પચાસ નીમે રૂપિયા એકસો પચીસથી બમણા પુરા રોકડા મુંબાઇગરા લીધાછે તેની મુદત હુંડી પહોચ્યા પછી દિન વળતાની નામે* શા કાળીદાસ ભગવાનદાસ જોગ આપજો. નિશાની એ જે કાગળ મધે લખાયું. સંવત ૧૯૫ ના (માસ, પક્ષ, તિથિ, વાર, લખવાં).

લી. શા. છગનલાલ દામોદરના જેગોપાળ વાંચજો.

નીમે રૂપિયા સાડીબાસઠથી ચારગણા અઢીસેં પુરા કરી આપજો. | ૨૫૦ |

અંગાઉ (કરજાઉ) ખત.

સંવત ૧૯૪૭ ના વર્ષે અષાડ શુદી ૫ ને વાર તા. માહે સને ૧૮૯૧ ના અંગ્રેજી દીને, આદ્દે અંગ ગામ બારેજા

---

* શાહ જોગી હુંડીમાં "નામે શાહ જોગ રૂપિઆ હુંડીની રીતના ગર્થ દામ ઠેકાણું ચોકસ કરીને આપજો" આમ લખવું.

વાસ્તેવંગ શા પરસોતમદાસ હરજીવનદાસ. પારસાત જોગ લી.[1] એક ગામ વાસ્તેવંગ પા. નાથાભાઇ જેઠાભાઇ.[2] હસ્તાખરાણુ દલવાજત અંગકેધાર રૂ ૫૦) અંકે પચાસ પૂરા રોકડા મુંબાઇગરા લીધા છે તે દેવા. તેનું વ્યાજ માસ એકે રૂપયા એકે દોકડો દોઢ છૂટો ચઢે. મજમલે માસ એકના દોકડા પંચોતેર બાધા ચઢે તે દેવા.[3]

આ ખતમાં લખેલા રૂપિયા તથા તેના વ્યાજના રૂપિયા, દીવાળીબાકીના હિસાબે ગણીને જ્યારે તમો માગો ત્યારે આપીએ. ગામ પરગામ તથા દેશપરદેશ આપીએ, અમારી જાતમિલકતથી તથા વાલીવારસથી પૂરા કરી આપીએ.

આ ખતને પેટે જે કંઇ વસુલ આપીએ, અગર કોઇ પાસે અપાવીએ તો આ ખતમાં વસુલ ભરાવીને અગર જુદી પાવતી લઇને આપીએ. આ ખત અમોએ અમારી રાજીખુશીથી તથા તબીયત બહાલથી લખી આપ્યું છે તે અમારે કબુલ મંજુર છે.

અત્ર. મતુ.	તત્ર શાખ
૧ પા. નાથાભાઇ જેઠાભાઇનું મતુ. દા. પોતાના.	૧ શા. પ્રેમચંદ કરમચંદ શાખ ધણી બે હજુર દા. પોતાના.
	૧ લી. ભટ છગન કીરપારામ.

---

૧ બીજું ગામ હોય તો મોજે તાલુકે વાસ્તેવંગ એમ લખવું.

૨ લખી આપનાર વધારે હોય તો, તથા પા. જણ બે અગર જેટલા હોય તે લખવા

૩ વધારે લખીઆપનાર હોય તો વધારવું "એકામત એકાજત દેવા".

અંગાઉ ખત ૨ જું.

સંવત ૧૯૪૭ ના વર્ષે અષાડ વદી ૬ ને વાર તા. માહે સને ૧૮૯૧ ના અંગ્રેજી દીને, આદેઅંગ શા. મોતીલાલ બ્રિજભુખણદાસ ગ્નાતે દશાશ્રીમાળી વાણિયા, કસબ વ્યાજવરાનો. રહેવાશી શહેર અમદાવાદમાં ચંગપોળમાં પાડાપોળના. પારસાત જોગ લી. શા. મનસુખ મગનલાલ ગ્નાતે વિશાપોરવાડ વાણિયા, કસબ ગુમાસ્તીનો, રહેવાશી મજકુર શહેરમાં શાહાપુર ચકલામાં મંગળ પારેખના ખાંચાના. હસ્તાક્ષર દતવા જત—અંગાઉધાર રૂ૧૨૫). અંકે એકસોને પચીશ રૂપિયા રોકડા મુંબાઇગરા લીધા છે ને દેવા. તેનું વ્યાજ માસ એકે રૂપિયા એકે દોકડા પોણા લેખે ચઢે, મજમલે માસ એકના દોકડા પોણી ચોરાણું બાધા ચઢે તે દે॥

આ ખતમાં લખેલા રૂપિયાનું વ્યાજ, દીવાળી બાકીના હિસાબે અધિક માસ સુદ્ધાં ગણીને આપીએ. મુદલ તથા વ્યાજના રૂપિયા જ્યારે ધણી માગે ત્યારે ગામ પરગામ, દેશપરદેશ, અમારી જાત મિલકતથી તથા વાલીવારસથીપુરા કરી આપીએ. આ ખત સિવાય બીજું ખત સંવત ૧૯૪૬ ના જેઠ શુદી ૫ ને દિને લખી આપ્યું છે તે ખરૂં છે. તે દેવું આ દેવાથી જુદું છે. આ ખત અમોએ અમારી રાજીખુશીથી તથા અક્કલ હુશિયારીથી લખી આપ્યું છે, તે અમે અમારા દેવ ધમ સાથે પાળીએ સહી. લી. સા. છગનલાલ ઝવેરચંદ ધણી બે હજુર લખ્યું છે.

અત્ર. મતુ. તત્ર શાખ.

૧ શા. મનસુખ મગનલાલ ૧ શા. ચુનીલાલ ઝવેરચંદની સાખ.
મતુ. દા. પોતાના. દા. પોતાના. ધણી બે હજુર.

કાંધાખત.

સંવત ૧૯૪૭ ના વર્ષે શ્રાવણ શુદ ૧૦ ને વાર   તા. માહે   સને ૧૮૯ ના અંગ્રેજી દિને. આદે અંગ શ્રા. પાનાચંદ હકમચંદ રહેવાશી મોજે અલીંદ્રા તાલુકે માતરના ગામના. પારસાત જોગ લી. એકગામ વાસ્તેવંગ ઠકર. વનમાળી ગીરધર. હસ્તાખરણુ દતવા જત, અંગઉધાર ૩૧૯૦) અંકે રૂપિયા એકસોને નેવું, પાછલા ખત તથા ખાતાનો હિસાબ કરી આજરોજે નક્કી કર્યા તે દેવા. તેનાં કાંધા નીચે મુજબ કર્યાછે. તે પ્રમાણે ચઢે ચઢયા કાંધાના રૂપિયા તમને આપીએ સહી કાંધું ખડે તો માસ એકે રૂપિયા એકે દોકડો સવા છૂટો ચઢે, તે ભરી પુરી આપીએ. કાંધાની વિગત નીચે મુજબ.

રૂ ૭૫). અંકે પંચોતેર રૂપિયા. સંવત ૧૯૪૮ ના ચૈત્ર શુદી ૨.

રૂ ૭૫). અંકે પંચોતેર રૂપિયા સંવંત ૧૯૪૯ના ચૈત્ર શુદી ૨.

રૂ ૪૦) અંકેચાળીસ રૂપિયા. સંવત ૧૯૫૦ના માગસર શુદી૧૫

ઉપર મુજબ કાંધાં કર્યાં છે, તેના તથા કાંધુ ખડે વ્યાજના જે રૂપિયા થાય *તે અમો અમારી જાત મિલકતથી તથા વાલીવારસથી, ગામ પરગામ પુરા કરી આપીએ.

આ ખતને પેટે જે કાંઇ વસુલ આપીએ અપાવીએ. તે આ ખતમાં વસુલ ભરાવીને અગર જુદી પાવતી લઇને આપીએ. આ ખત અમોએ અમારી રાજીખુશીથી, તથા દીલ સાબીતીથી, લખી

---

* જમાન હોયતો આટલેથી લખવું કે—તેના જમાન વ્યાસ. થયા છીએ, તે ને આપે અપાવે છૂટીએ. આ રૂપિઆ અમારી જાત મિલકતથી તથા વાલી વારસથી, ગામ પરગામ, એકામતે એકાજથે આપીએ.

આપ્યુંછે તે બાપના બોલ સાથે પાળીએ. લી. શા. મગનલાલ હરખચંદ.

અત્ર મતુ. તત્ર શાખ.

૧ ઠક્કર. વનમાળી ગીરધરનું મતુ, દા. પોતાના.
(જમાંનીદાર હોય તો તેણે મતુ આ જગોએ કરવું.)

૧ પા. માનચંદ મોરારદાસની શાખ. દા. પોતે.
૧ શા. ગલાબચંદ હરચંદની શાખ. દા. પોતે.

કાંધાખત ૨ જું.

સંવત ૧૯૪૭ ના વર્ષે શ્રાવણ શુદી ૨ ને વાર
તા. ગાહે સને ૧૮૯૦ ના અંગ્રેજી દિને. શા. નરોત્તમ ખેમચંદ. રહેવાશી મોજે માતર તાલુકે આમોદના ગામના. પારસાત જોગ લી. પગી વસ્તાજી જુમાજી. રહેવાશી મજકુર તાલુકાના તેલોદ ગામના. જત તમારી પાસેથી રૂ૪૦). અંકે રૂપિયા ચાળીશ પુરા રોકડા મુંબાઇગરા અમારા ગામના પટેલ અજુભાઇવિઠૂલભાઇની ભેંસ લેવાને લીધા છે તે, તથા કાંધાના ચઢાવાના રૂા. ૪) મળી, કુલ રૂપિયા ચુંવાળીશ દેવા. તેનાં કાંધાં એવી રીતે કર્યાંછે કે આજ દિનથી દર માસે રૂપિયા ચાર અમો તમારે ત્યાં ભરીએ ને માસ અગીઆરે પુરા કરી આપીએ, જો કાંધાં ન ભરીએ તો સંવત ૧૯૪૮ ના પોષ વદી ૨ ને દિને સામટા રૂપિયા આપીએ. રૂપિયા ખડે તો રૂપિયા એકે માસ એકે દોકડા સવા લેખે વ્યાજ ગણી આપીએ. આ નાણાં અને વ્યાજની સાનમાં અમારી સદરહુ ભેંસ કે જે રંગે કાળવેરી છે, તે લખી આપી છે. તમારા રૂપિયા, સાનમાં લખેલી મિલકતથી, તથા અમારી જાત મિલકતથી કે વાલીવારસથી વસુલ કરી લ્યો. કાંધાના જે રૂપિઆ ભરીએ તે, આ ખતમાં વસુલ કરા.

વીને આપીએ. આ ખત અમારી રાજી ખુશીથી તથા દીલ સાબીતીથી લખી આપ્યું છે, ને અમારે કબુલ મંજુર છે. લી. ઠકર ભગવાન બહેચર ધણી બે હજુર લખ્યું છે.

અત્ર. મતુ.	તત્ર. શાખ.
૧ પગી વસ્તાજી જુમાજીનું મતુ. દા. પંડયા. નરોત્તમ જેશંકરના. મતુ ધણીના કહ્યાથી કર્યું છે.	૧ પા. તરભોવન હીરાદાસની શાખ. દા. પોતે.
	૧ શા. હીમચંદ નાનચંદની શાખ. દા. પોતે.

સાનખત.

સંવત ૧૯૪૭ ના વર્ષે શ્રાવણ વદી ૨ ને વાર   તા.   માહે   સને ૧૮૯૧ ના અંગ્રેજી દિને. આદેઅંગ મોજે બારેજા તાલુકે દસક્રોઈ વાસ્તેવંગ. પા. અનુભાઇ જીજીભાઇ. પારસાત જોગ લી૦ એકગામ વાસ્તેવંગ પા નરોત્તમ રણછોડભાઈ. જત તમારે ત્યાંથી રૂ. ૧૯૯) અંકે રૂપિયા એકસો નવાણું પુરા મુંબાઇગરા રોકડા લીધા છે. તેનું વ્યાજ માસ એકે રૂપીયા એકે દોકડા ૦॥ લેખે ચઢે, મજમલે માસ એકના દોકડા એકસો સવા ઓગણપચાસ બાધા ચઢે, તે ભરી પુરી આપીએ.

આ ખતના રૂપિઆ તથા તેના વ્યાજની સાનમાં અમારા બાપુકી મિલકતમાંનું ઘર નં. ૧) મજકુર ગામમાં વાસણદાની શેરીમાંનું જેમાં અમો રહીએ છીએ તે, તમોને લખી આપ્યું છે. તેના ખુંટની વિગત.

પૂર્વ દિશામાં, આ ઘરનું બારણું આ ઘરના તાબાની માંડવીમાં પડે છે. પશ્ચિમ દિશાએ, આ ઘરની પછીત છે તે પા. મોહનભાઇ

મથુરભાઇના આંગણાની છૂટી જમીનમાં પડે છે ઉત્તર દિશાએ, આ ઘરનો કરો પા. વેરીભાઇ મકનદાસના ઘરની સાથે સહીયારો છે. દક્ષિણ દિશાએ આ ઘરનો કરો છે તે આગવો છે; અને તે પા. દાજીભાઇ વહાલદાસના ઘરમાં પડે છે.

આ રીતે ખુંટ ચાર વચલું ઘર, અમોએ તમોને સાનમાં આપ્યું છે આ ઘર તમારૂં મન મનાવ્યા સિવાય અમારાથી કોઇને સાં ગીરો કે વેચાણ અપાય નહિ. આ ખતના રૂપિયા, સાનમાં લખેલી ગિલકતમાંથી વસુલ ન થાય તો, અમારી જાન મિલકતથી તથા વાલી વારસથી પુરા કરી આપીએ સહી. આ ખતને પેટે જે વસુલ આપીએ અપાવીએ તે આ ખતમાં વસુલ ભરાવીને, અગર જુદી પાવતી લઇને આપીએ. આ ખત અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુશિયારીથી લખી આપ્યું છે, તે કબુલ મંજુર છે. લી. તલાટી હરીવલ્લભ પરભુદાસ ધણી એ હજુર લખ્યું છે.

અત્ર મતુ.	તત્ર શાખ.
૧ પા. નરોત્તમ રણછોડભાઇનું મતુ દા પોતાના.	૧ શા. નગીનદાસ ગીરધર શાખ. ધણી એ હજુર.

ગીરો ખત.

સંવત ૧૯૪૮ ના વર્ષે ચૈત્ર શુદી ૩ ને શુક્રવાર તા. ૧૫ મી માહે એપ્રીલ સને ૧૮૯૨ ના દિને. પા. મોહનલાલ પરભુદાસ રહેવાશી મોજે નરોડા તા. દસક્રોઇના ગામના. જોગ લી. પા. મોતીલાલ વરજભાઇ. રહેવાશી મોજે હાંસોલ પ્રગણે મજકુરના ગામના. જત અમારી બાપીકી મિલકતનું ખેતર નંગ ૧. મોજે નરોડા તા. દસક્રોઇના જીલ્લાહુકડી તથા પેટાહુકડી અમદાવાદના ગામની સીમમાં

સરવે નંબર ૮૨૦ એકર ૮—૬ ગુંઠાનું. તે મધ્યેથી અમારા ભાગનું એકર ૪-૩ ગુંઠાનું સનંદીયું. કીતે બાવાવાળું. તે ખેતરમાં પ્રથમ અમારા બાપ વાવેતર કરતા ને હાલમાં અમો વાવેતર કરીએ છીએ તે અમારા તાબા કબજાનું. તેના ખુંટની વીગત.

પૂર્વે—ગોર વહાલાભાઇ શંભુરામનુ ખેતર છે. પશ્ચિમે—પા. કાળીદાસ ગીરધરદાસનું ખેતર છે, ઉત્તરે—વ્યાસ જગનાથ પુરશોત્તમનું ખેતર છે. દક્ષિણે—મોરી રાસજી જેઠુંજીનું ખેતર છે.

એ રીતે ખુંટ ચાર વચલું ખેતર, તમાં દક્ષિણ દિશાને છેડે મહુડા નંગ ૨ છે તે સુદ્ધાંતનું અમોએ તમોને ગીરો આપ્યુંછે. તેના ઉપર અમોએ રૂ ૨૦૦)અંકે બસેં રૂપિયા મુંબાઇગિરા લીધા છે. તેની અવધ વરસ પાંચની કરી છે. મુદત પુરી થએ રૂપિયાઆપે ખેતર છુટે. ત્યાં સુધી રૂપિયાનું વ્યાજ નહિ, ને ખેતરનું દાણ નહિ આ ખેતર તમો ખેડો ખેડાવો અગર આડગીરો મૂકો, તેમાં અમો હરકત કરીએ નહિ. ઝાડની જે રોઇ આવે તેપણ તમે લ્યો દૈવયોગથી ઝાડ પડે, તો તેની જે કીંમત ઉપજે તે તમારા ગીરોખતને પેટે જમે કરો. આ ખેતરનો સરકાર હક ભરવાનો હવેથી તમારે શીર છે. આ ખેતર ઉપર અમારો કોઇ કરજદાર, હીસ્સેદાર, વગેરે દાવો અલાખો કરે, તેનો જવાબ અમો તથા અમારા વાલી વારસો દઇએ. આ ખેતરનો રસ્તો દક્ષિણ તરફના છેડે થઇને જવાનો છે. આ ગીરોખત અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુશિયારીથી ને દિલ સાબીતીથી લખી આપ્યું છે, તે કબુલ મંજુર છે. લી. ભટ. છગનલાલ કીરપારામ ધણી બે હજુર લખ્યુંછે

૧ અત્ર મતું — પા. મોતીલાલ વરજભાઇનું મતું. દા. પોતાના.

૧ અત્ર શાખ. ૧ પરીખ. અમરસી નંદલાલની શાખ. દા. પોતાના.

૧ વ્યાસ. વીઠલ વનમાળીની શાખ દા. પોતાના

ગીરો ખત ૨ જું.

સંવત ૧૯૫૧ ના વર્ષે જેઠ સુદ ૧૧ ને વાર ભોમે તા. માહે સન ૧૮૯ અંગ્રેજી દિને. શા. જમનાદાસ છગનલાલ. રહેવાશી શહેર અમદાવાદમાં ઢાળની પોળના. જોગ લી. શા. નગીનદાસ તારાચંદ કસબ દોરીવાણિયાનો, રહેવાશી શહેર અમદાવાદમાં માંડવીની પોળમાં વીંછીની પોળના. જત અમારૂં બાપીકું ઘર ૧), અમારા કબજા ભોગવટાનું, શહેર અમદાવાદ તાલુકે દસક્રોઇ જીલા ટુકડી તથા પેટા ટુકડી અમદાવાદમાં આસ્ટોડિયા ચકલામાં ઉત્તર દિશાએ, માંડવીની પોળના જવાના રાજ્યમાર્ગથી પશ્ચિમ દિશાએ, વીંછીની પોળમાં મહોલ્લાના માર્ગથી ઉત્તરદિશામાં, કૂવા પાસેનું દક્ષિણાભિમુખનું. તે ઘરમાં પ્રથમ અમારા બાપ રહેતા હતા ને હાલમાં અમે રહીએ છીએ. તેના ખુંટની વિગત.

દક્ષિણ દિશાએ, આ ઘરનું બારણું મહોલ્લાના માર્ગમાં પડે છે. ઉત્તર દિશાની પછીત મગનલાલ તારાચંદના ઘરમાં પડે છે. પૂર્વ દિશાનો કરો શા. કાળીદાસ નાગરદાસના ઘરના કરા સાથે સહીઆરો આવેલો છે. પશ્ચિમ દિશાનો કરો,ચોકઠામાં પડે છે, તે આગવો છે. તે કરે એક બારી છે. આ ઘરના બારણા આગળ બે ઓટલા છે, અને વચમાં પગથીઆં છે ને ઓટલા નીચે ખાળકૂવો છે.

એ રીતે ચાર ખુંટ વાળું ઘર ઉત્તર દક્ષિણ લાંબું ગજ ૨૦ તથા ઓટલો ગજ૧ા ગણી એકંદર લાંબું ગજ ૨૧ા. પૂર્વ પશ્ચિમ પહોળું ગજ ૮. ઓટલા નીચે ગજ ૦ાા સમચોરસની ખાળ કુંડી છે તે ઘર ઓરડો પરસાળ વાળુ મેડા જડીત્ર છે તે મેડાની બારીઓ રસ્તામાં પડે છે અને મેડા ઉપર ત્રીજોમાળ છે, તે ઉપ૰ બે ઢાળીયું છાપરૂં છે. તેનાં નેવ દક્ષિણ ઉત્તર ચૂએ છે એ રીતનું ઘર અસલ હદ મુજબનું * તમોને

* વેચાણ ખતમાં લખવું કે—અમોએ તમોને રૂ.   ) અંકે

રૂ ૩૯૯). અંકે રૂપિયા ત્રણસેંને નવાણું. રોકડા મુંબાઇગરાલઇને કબજા સાથે ગીરો આપ્યું છે. તેની અવધ વરસ આઠની કરીછે. રૂપિયાનું વ્યાજ નહિ ને ઘરનું ભાડું નહિ. અવધ પુરી થએ રૂપિયા આપે ઘર છૂટે. તે ઘરમાં પડે આખડે તો અમો નગીનદાસ તારાચંદ દુરસ્ત કરાવી આપીએ. જો તગારે દુરસ્ત કરાવી લેવું પડે તો તેનું થયેલું ખર્ચ અમે તમને મજરે આપીએ. આ ગીરો ખત અમે અમારી રાજીખુશીથી તથા અક્કલ હુશિઆરીથી લખી આપ્યું છે તે અગારે કબુલ

રૂપિયા   રોકડા મુંબાઇગરા લઇને અક્રમ કુલ ન દાવા વેચાણ આપ્યું છે. પતાળથી તે આકાશ સુધી કાટમાળ સાથે અમારા તમામ હકો સહીત તમોને વેચાણ આપ્યું છે. હવેથી આ ઘરમાં તમો વસો વસાવો ભાડે આપો કે તમરૂં દિલ ચાહે તે કરો તેમાં અમારો તથા અમારા વાલી વારસ વગેરેનો કોઈ પ્રકારનો દાવો અલાખો નથી.

આ ઘરમાંથી નવેનીચ અઘગારીધ જે કાંઇ જડે તે તમારૂં છે. આ ઘરનો ભાગ પંચના વાડામાં તથા ખારા પાણીના કુવામા છે, તે તમો પંચની દસ્તુરી આપીને ભોગવો.

આ ઘર શા.   પાસેથી, અમારા વડીલોએ વેચાણ લીધેલું તેનું વેચાણ ખત, તથા ફારસી દસ્તાવેજ અને સનંદ તમોને આપીછે. આ ઘર વિશે કંઇ વાંધો ઉઠે તો તગારી પાસેથી લીધેલા રૂપિયાનો અમો તથા અમારા વાલીવારસ જે હોય તે તગોને ભરી આપીએ.

આ વેચાણ ખત અમોએ અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુશિયારીથી લખી આપ્યુંછે. તે અમારે તથા અમારા વાલી વારસોને કબુલ મંજુર છે (મતુ તથા શાખ કરાવવી.)

મંજુર છે. લી. શા. મોતીલાલ જીવણદાસ ધણી એ હજુર લખ્યું છે.

અત્ર મતુ અત્ર શાખ.

શા. નગીનદાસ તારાચંદનું મતુ
દા. પોતાના.

૧ પા. ગલાબ ભાઇજીદાસની
શાખ દા. પોતે.

૧ પા જેઠાભાઇ કલ્યાણદાસની
શાખ દ. પોતે.

વેચાણ ખત.

સંવત ૧૯૪૮ ના વર્ષે ચૈત્ર શુદી ૭ ને વાર. તા૦ માહે સને ૧૮૯૨ ના અંગ્રેજી દિને. પા ગીરધર માનદાસ. જ્ઞાતે લેઉવા કણબી, કસબ ખેતીનો, રહેવાશી મોજે ઉવારસદ તા. દસક્રોઈના ગામના. જારસાત જોગ લી શા. આશાભાઇ હરજીવનદાસ. જ્ઞાતે દશા પોરવાડ વાણીઆ, કસબ, ધીરધારનો, રહેવાશી મજકુર ગામના. જત અમારૂં ખેતર નંગ ૧. નામે બાટીયું. મોજે ઉવારસદ તાલુકે દસક્રોઇ જીલ્લા ટુકડી તથા પેટાટુકડી અમદાવાદના ગામની સીમમાંનું. અમારા કબજા ભોગવટામાંનુ. રીવીઝન સરવાઇ નંબર ૬૦૫ વાળુ, એકર ૨–૬–ગુંઠાનું. અમારા પિતા હરજીવનદાસ કાળીદાસના નામ ઉપર સરકારી દફતરમાં ચાલે છે. તેના ખુંટની વીગત.

ઉત્તરે—પા. મોરારજી કહાનજીનું ખેતર છે પૂર્વે—ભટ. ગંગાશંકર અનોપરામનું પસાયતાવાળું ખેતર છે. તથા શા. ચુનીલાલ પ્રેમચંદનું ખેતર છે. દક્ષિણે–પડતર તલાવડીની જમીન છે. પશ્ચિમે—નાળીયું છે.

તેમાં કુવો નામે રામસંગવાળો તેના પાણીના ભાગ સુદ્ધાંત; તથા ખીજડીનું ઝાડ નંગ ૧ તથા બોરડીઓનાં ઝાડ ૨ એ રીતનાં ઝાડ સુદ્ધાંત. ઝાડ, બીડ, વાડ કાંટા, છેડા પાળી સમેત અમોએ તમોને

અબ્રમકુળના દાવે અઘાટ વેચાણ રૂ ૩૦૦) અંકે રૂપિયા ત્રણુસે મુબ-હગિરામાં આપ્યું છે. આજથી આ ખેતર તમારા કબજામાં આપ્યું છે તેમાં તમો તથા તમારા પુત્ર પુત્રાદિક સુખેથી વાવેતર કરો, અગર કરાવો ને ઝાડ પાન સુધાંત લ્યો, તેમાં અમો તથા અમારા વાલી વારસો હરકત કરીએ નહિ. આ ખેતરનો સરકાર હક હવેથી તમો ભરો. આ મિલકત ઉપર કોઇપણુ માણુસ કોઇ પ્રકારની હરકત કરે તો તેનો જવાબ અમો તથા અમારા વાલી વારસો દઇએ. આ ખેતર તમારે નામે ચઢાવી આપીએ. આ વેચાણુ ખત અમે અમારી રાજી ખુશીથી તથા અકકલ હુશિયારીથી લખી આપ્યું છે. તે અમારે કબુલ મંજુર છે. લી. જોશી. રેવાશંકર ઉમેદરામ ધણી એ હજુર લખ્યું છે.

૧ અત્ર મતુ.	૧ અત્ર શાખ.
૧ શા. આશાભાઇ હરજીવનદાસનું મતુ. દા. પોતાના.	૧ પા. વિઠ્ઠલ વનમાળીની શાખ. દા. પોતે.
	૧ શા હરગોવન દલીચંદની શાખ. દા. પોતે.

વીલ (વસીયત નામું.)

હું પટેલ અમથાભાઈ જેઠાભાઇ ધર્મે હીંદૂ, જાતના લેઉવા પાટીદાર, ઉમર આશરે વરસ ૬૦ ની, કસબ ખેતીનો, રહેવાશી મોજે હુસપરા તાલુકે દસક્રોઇના ગામના. આ દુનિયામાં ક્ષણભંગુર દેહનો મને ભરૂસો પડતો નથી ને હું જઇફ અવસ્થાનો થયેલો છું. મારે ફરજનમાં દીકરો નથી. પણ બે દીકરીઓ છે. ને મારી સ્ત્રી નામે ઝવેર છે. મારો અડીને એટલે ઢુંકી પહોંડીનો પીત્રાઈ નથી તેથી મારા સુજ-

યાં પછી મારી મિલકતનો બિગાડ ન થાય માટે નીચે લખ્યા મુજબ વ્યવસ્થા કરવા સારૂ આ વસીઅતનામુ મારા સાવધ પણામાં કરૂંછું. તેની વિગત.

હુંસપરા તાલુકે દસક્રોઇ જીલ્લા તુકડી અમદાવાદના ગામમાં ઘર, તથા સીમમાં ખેતરો ને ઝાડ છે તેની વિગત.

ઘર નંગ ૨ જોડા જોડનાં જેમાં અમો રહીએછીએ, તેના ખુટની વિગત. આ બંને ઘરનાં બારણાં ઉત્તર દિશાનાં, આ બંને ઘરના તાબાની માંડવીમાં પડે છે તે માંડવીઓ આગળ આ ઘરના તાબાની ઢોર બાંધવાની છૂટી જમીન છે, ને પછી માર્ગ છે. તથા બંને ઘરની પછીતો દક્ષિણ દિશાના રાજમાર્ગમાં પડે છે પૂર્વ દિશાનો કરો પા ગોકલ ધર્મદાસના ઘર સાથે સહીઆરો છે પશ્ચિમ દિશાનો કરો. પા. પુંજા ધર્મદાસના ઘર સાથે સહીઆરો છે. એ રીતે ખુંટ ચાર વચલાં ઘર બે જોડા જોડનાં ચાલ ચોક અસલ હદ મુજબ, જમીન ઉપર દળ સુદ્ધાંતનાં.

ખેતર નંગ ૧ સરવાઇ નંબર ૨૦નું એકર ૩–૨ ગુંઠાનું સરકારી ખેડ હકનું કીત્તે વાડીયું તેના ખુંટ આ ખેતરની પૂર્વ દિશાએ ખાંટ બહેચર નથુની ખેડ હકનું ખેતર છે પશ્ચિમ દિશાએ નીચે લખેલું સરવાઇ નંબર ૨૨ નું અમારૂં ખેતર છે. તથા ઉત્તર દિશાએ ખાંટ બહેચર નથુજીનું ખેતર છે. ને દક્ષિણ દિશાએ જમાદાર કાસમઅલીનું ખેતર છે. એ રીતે ખુંટ ચાર વચલું ખેતર તેમાં લીંબડીઓનાં ઝાડ નંગ ૫ અમારા ઉછેરનાં છે તે સુદ્ધાંતનું.

ખેતર બીજું સરવાઈ નંબર ૨૨ નું એકર ૬–૯ ગુંઠાનું સરકારી ખેડ હકનું કીતે સડકવાળું તેના ખુંટ આ ખેતરની પૂર્વ દિશાએ ઉપર લખેલા સરવાઇ નંબર ૨૦ નું અમારૂં ખેતર તા જમાદાર કાસમઅલીનું ખેતર છે પશ્ચિમ દિશાએ રાજ માર્ગનું નાળીયું છે, ઉત્તર દિશાએ સડક છે તથા દક્ષિણ દિશાએ જમાદાર કાસમઅલીનું ખેતર છે. એ રીતે ખુંટ ચાર વચલું ખેતર તેમાં કડેલ થાળા સુધાંતનો કુવો છે, તથા તે ખેતરમાં આંબાનાં ઝાડ ૬ સમેતનું.

જંગમ મિલકતમાં સોના રૂપાના દાગીના આશરે રૂ ૨૦૦)ની કીમતના તથા તાંબા પીતળનાં વાસણ મણ ૪) ને આશરે આ૦ની પીઠે રૂ ૫૦) ની કીંમતનાં તથા ગાડું રૂ ૪૦)નું તથા હળ વગેરે ખેતીનાં ઓજાર રૂ ૨૦) નાં અને પરચુરણ ઘરવાખરો રૂ ૪૦) ને આશરે કુલ રૂ ૩૫૦) ની મિલકત

મારે દેવું કોઇનું નથી પણ ઢેડ આસીઆ હરજીયા તથા ઇછલા લાલીયા પાસે રૂ ૯૦) લહેણા છે. તેનું ખત સંવત ૧૯૪૬ ના ફાગણ શુદી ૫ નું લખાવેલું છે

એ રીતે મારી મિલકત છે તે મિલકતનો જીવતાં સુધી હું માલીક છું ને મારા ગુજર્યા પછી મારી ઓરત નામે ઝવેર માલીક છે. મારી ઓરત ઝવેર જીવે ત્યાં સુધી આ મિલકતની વ્યવસ્થા કરે. મારે બે દીકરીઓ છે તેમાં મોટી દીકરી મહાલીબા ગામ સોનાયડે પટેલ સખીદાસ વેરે પરણાવી છે ને તથા બીજી દીકરી ખુનજીબા ગામ વેહેલાળના પટેલ ડાહ્યાભાઈ વેરે પરણાવી છે. આ મારી બે દીકરીઓને મારા તથા મારી સ્ત્રી નામે ઝવેરના ગુજર્યાપછી મારી તમામ મિલકતની વારસ ઠરાવુંછું. કુલ અખ્તિયારથી એ સઘળી મિલકત પોતાના કબજામાં લેઇ તે મિલકત વેચીને મારૂં તથા મારી સ્ત્રીનું ક્રિયા ખરચ તેમની નજરમાં આવે તેવું કરે ને વધે તે સરખે ભાગે વહેંચી લે આ મિલકત ઉપર મારી દીકરીઓ સિવાય બીજા કોઈનો કોઇ પ્રકારનો હક દાવો નથી ને કોઇ હક દાવો કરે તો તે આ લેખથી ચાલે નહિ તે સારૂ આ વીલ મેં મારી રાજી ખુશીથી તથા અક્કલ હુશિયારીથી કર્યું છે. તે મારે કબુલ મંજુર છે સંવત ૧૯૪૮ ના વૈશાખ વદી વાર તા માહે મે સને ૧૮૯૨ ના રોજ કર્યુંછે લી ભટ. છગનલાલકીરપારામ

અત્ર મતું તત્ર. શાખ.

૧ પા અમથાભાઇજેઠાભાઇની સહી દા. પોતે.

૧ પા. કહાનદાસ ગીરધરની શાખ દા. પોતે

૧ શા. દોલચંદ દીપચંદની શાખ દા. પોતે.

ગણોત.

સંવત ૧૯૪૮ ના વર્ષે વૈશાખ વદી ૬ ને બુધવાર તા. ૧૮ મી માહે મે સને ૧૮૯૨ ના અંગ્રેજી દિને. પા. જેરાભાઇ ભૂખણ દાસ રહેવાશી મોજે ગજેરા તા. જંબુસરના ગામના. જોગ લી. પા. પીતાંબર શંભુદાસ રહેવાશી મજકુર ગામના. જત અમોએ તમારી પાસેથી સંવત ૧૯૪૯ ની સાલનું ખરીફનું વાવેતર કરવાને મજકુર ગામની સીમનાં નીચે લખેલાં બે ખેતરો ગણોતે રાખ્યાં છે. તેના ખુંટની વીગત.

રીવીઝન સરવે નંબર	ખેતરનું માપ. એકર	ગુંઠા	પૂર્વ દિશાએ.	પશ્ચિમ દિશાએ.	ઉત્તર દિશાએ	દક્ષિણ દિશાએ.
૪૬	૪	૩૨	પા. જેઠાભાઇ સખીદાસનું ખેતર છે.	પા. કાળીદાસ ગીરધરનું ખેતર છે.	પા. પ્રહલાદજી ગણેશનું ખેતર છે.	નાળિયુ છે
૧૫૨	૧	૧૦	પા. બુલાભાઇ બાપુભાઇનું ખેતર છે.	શા. ભુદર પાનાચંદનું ખેતર છે.	પા. નથુ જેઠાભાઇનુ ખેતર છે.	પા. જીવાભાઇ મોતીભાઇનું ખેતર છે.

ઉપર લખેલાં ખેતરો બે,કુલ જમીન એકર ૬—૨ ગુંઠા. અમોએ તમારી પાસેથી ખેડવા સારૂ સાંથે રાખી છે, તેની સાંથના

રૂ ૪૧) અંકે રૂપિઆ એકતાળીશ મુંબાઇગરા કર્યા છે તે રૂપિયા સંવત ૧૯૪૯ ની સાલના પોસ શુદી ૧૫ ને રોજ આપીએ. આ ખેતર સંવત ૧૯૪૯ ના ચૈત્ર શુદી ૨ ના રોજ ખેડખાતર વીગેરેની તકરાર ન કરતાં તમારે કબજે કરીએ. આવતી સાલ તે ખેતરો તમારી ધ્યાનમાં આવે તેને વાવેતર કરવા આપો તેમાં અડચણ કરીએ નહિ. આ ખેતરનો જે કાંઇ સરકારહક હોય તે તમે ભરો. આ ખેતરનાં હદ નિશાન બરોબર અમો રાખીએ. આ ગણોત અમોએ અમારી રાજી ખુશીથી તથા દિલસાબિતથી લખી આપ્યું છે, તે અમારે કબુલ મંજુર છે. લી. જોશી. રેવાશંકર ઉમેદરામ ઘણી ખેૈ હજુર.

૧ અત્ર મતુ	૧ અત્ર. શાખ.
૧ પા. પીતાંબર શંભુનું મતુ. ઉપર લખ્યું તે સહીછે. દા. પોતે.	૧ શા. મયાચંદ માણેકચંદની શાખ દા. પોતાના.
	૧ શા. અમથા જુડાની શાખ દા. પોતાના.

ભાડાચીઠી.

સંવત ૧૯૪૮ ના ચૈત્ર શુદ ૫ ને વાર તા. માહે સને ૧૮૯૨ ના અંગ્રેજી દિને. શા છગનલાલ મોતીચંદ રહેવાશી શેહેર અમદાવાદમાં ધનાસુતારની પોળમાં ગુંદીની પોળના. જોગ લી. શા. અમરચંદ રતનચંદ રહેવાશી મોજે કુજાડ તાલુકે દસક્રોઇના ગામના. જત તમારૂં ઘર એક શેહેર અમદાવાદમાં ઢાળની પોળમાં માતાની શેરીમાં મ્યુનીસીપાલ રજીસ્ટર નંબર ૩૫૬ વાળું શા. હરીકૃષ્ણ વંદ્રાવન તથા ભટ રેવાશંકર શીવશંકર વચલું પૂર્વાભિમૂખના બારણાનું છે તે ત્રણ મજલા સહિત અમોએ તમારી પા-

સેથી ભાડે રાખ્યું છે તેના ભાડાના વરસ એકના ૩૦) અંકે રૂપિયા ત્રીશ મુંબાઈગરા કર્યા છે. તે ભાડું અમો ચઢે ચઢયું આપીએ. મુદત પુરી થએ એટલે સંવત ૧૯૪૯ ના ચૈત્ર શુદી ૫ ને દિને બીન તકરારે ઘર તમારે હવાલે કરીએ. વરસ પુરૂં થવા પહેલાં આ ઘર અમો ખાલી કરીએ, અગર ચોમાસા સિવાય તમો ખાલી કરાવો તો જેટલી મુદત અમો તમારા ઘરમાં રહીએ તેટલી મુદતનું ભાડું બીન તકરારે ચૂકાવી આપીએ. અને ઘર તમારે કબજે સોંપીએ. આ ઘરના નેવાંની ખોટ તમો ઘરધણી આપો અને સંચરામણી ખરચ અમારે શીર છે. આ ભાડાચીઠી અમારી રાજી ખુશીથી લખી આપી છે, તે કબુલ મંજુર છે લી. ભટ. મગનલાલ કીરપારામ.

૧ અત્ર મતુ	૧ તત્ર શાખ
૧ શા. અમરચંદ રતનચંદ ની સહી દા પોતાના.	૧ શા. ગીરધર નાનચંદની શાખ. દા. પોતાના.
	૧ પા. નથુ ડુંગરદાસની શાખ દા. પોતાના.

ફારગતી.

સંવત ૧૯૪૮ ના વર્ષે વૈશાખ વદી ૯ શુક્રવાર તા. ૨૦ મી માહે મે સને ૧૮૯૨ અંગ્રેજી દિને. પા. પરભુદાસ ખોડાભાઇ રહેવાશી મોજે નરોડા તાબે દસક્રોઇના ગામના જોગ લી. શા. પ્રેમચંદ કસ્તુરચંદ. રહેવાશી મોજે મજકુર ગામના. જત તમારી પાસે અમારૂં લહેણું હતું તેનો આજરોજ હિસાબ કરી રૂ૬૭૨।। અંકે રૂપિયા છસેંને સાડી બહોતેર અમોએ તમારી પાસેથી આજ રોજ લીધા છે. તમારે અમારે હવે કોઇ જાતની લેવડ દેવડ રહી નથી તેની આ ફારગતી

અમોએ અમારી રાજીખુશીથી લખી આપી છે તે અમારે કબુલ મંજુર છે. લી. જોશી. રેવાશંકર ઉમેદરામ ધણી એ હજુર લખી છે.

૧ અત્ર. સહી	૧ તત્ર શાખ.
૧ શા. પ્રેમચંદ કસ્તુરચંદની સહી દા. પોતાના.	૧ પા. પીતાંબરદાસ માધવદાસની શાખ દા. પોતાના.
	૧ શા. ગરગાડ મીઠાની શાખ.

ફારગતી ૨ જી.

(તલાકનામું)

સંવત ૧૯૪૮ ના વર્ષે વૈશાખ વદી ૯ શુક્રવાર તા. ૨૦ મી માહે મે સને ૧૮૯૨ અંગ્રેજી દિને. પગી. હેમતાજી મુરતાજી રહેવાશી મોજે નરોડા તાલુકે દસક્રોઇના ગામના. જોગ લી. મોજે વીસલપુર તાલુકે સાણંદના પગી. ધનાજી કાળુજી. જત અમારી પરણેત બાયડી નામે જીતા, તેને ને અમારે બનત આવી નહિ. તેની સાથે તમોએ નાતરૂં કર્યું છે માટે તમારી પાસેથી અમોએ આપણી નાતની રીત પ્રમાણે પંચની વીધમાન રૂ ૧૨) અંકે રૂપિયા બાર મુંબાઇગરા લેઇને છેડા છૂટકો આપ્યો છે. હવેથી આ બાયડી સાથે અમારો ધણીપણા વગેરે કોઇ પ્રકારનો હક નથી. આ ફારગતી અમારી ખુશીથી તથા દીલ સાબેતીથીલખી આપીછે તે અમારે કબુલ મંજુર છે. લી. જોશી. રેવાશંકર ઉમેદરામ ધણીએ હજુર લખ્યું છે.

૧ અત્ર સહી	૧ તત્ર શાખ.
૧ પગી. ધનાજી કાળુજીની સહી દા. બ્યાસ. દાજી રણછોડના.	૧ મુખી. અંબારામ કલ્યાણદાસની શાખ દા. પોતે.
	૧ મતાદાર. લલ્લુભાઇ ગુલાબદાસની શાખ દા. પોતે.

કરાર.

સવત ૧૯૪૭ ના વર્ષે. આસો શુદી ૭ શનિવાર તા. ૧૦ મી માહે અકટોમ્બર સને ૧૮૯૧ ના દિને. પા. વનમાળી નથુભાઇ રહેવાશી મોજે સરભાણ તાલુકે આમોદ જીલ્લે ભરૂચના ગામના. જોગ લી. ભરવાડ આલા જીવા રહેવાશી મોજે વેડચ તાલુકે આમોદ જીલ્લે ભરૂચના ગામના. જત તમારો વાછરડો ૧ અમોએ તમારી પાસેથી ભાગે બાંધ્યો છે. તેનો કરાર એવો છે કે વાછરડાને સારી રીતે ઘાસ, દાણો, ખવરાવી પીવરાવી અમો સાચવીએ તમારી ધ્યાનમાં આવે ત્યારે તે વાછરડાને ખંડી વાળીએ. જે વાજબી કીમત થાય તેમાંથી મુડીના રૂ. ૧૩) અકે તેર રૂપિયા મુંબાઇગરા જતાં બાકી રૂપિયા અમો ને તમો સરખે ભાગે વહેંચી લઇએ. જો આ વાછરડો ચોરીએ જાય, અગર નાશી જાય કે કોઇ પણ રીતે ગુમ થાય તો વાછરડાની કીમતનો આંકડો પંચ કહે તે પ્રમાણે અમો આપીએ. કજારજાએ તેના જીવનું જોખમ થાય તો અમો તમોને તે બતાવીને તેને અવલ મજલ પહોંચાડીએ. આ કરાર અમોએ અમારી રાજી ખુશાથી તથા દીલ સાબિતથી લખી આપ્યો છે તે અમારે કબુલ મંજુર છે લી. શા. પાનાચંદ સુરચંદ ધણીમેહજુર લખ્યું છે.

અત્ર	સહી. ૧ તત્ર	શાખ.
૧ ભરવાડ આલા જીવાની સહી.		૧ પા. મોરાર ગોકળદાસની શાખ.
દા. વહાલદાસ ગીરધરના.		૧ શા. હરગોવીંદ હીરાચંદની શાખ.

વેપારનો કબાલો.

સંવત ૧૯૧૧ ના વર્ષે માહા શુદ ૧૫ ને શનિવાર તા. માહે સન અંગ્રેજી દિને મોજે

તા.   ના રહેનાર શા.   જોગ લી. મોજરે

તા.   ના રહેનાર પા.   જત તમોએ અમારી પાસેથી કપાસ ભાર ચાર દરેક ભારના રૂપિયા છાશીને ભાવે આજ દિને વેચાણ રાખ્યો છે. એને તે લઇ જઇ રૂપિયા આપવાની મુદત આજથી દિન પંદરની કરીછે. તેના બાનામાં રૂ ૪૦) અંકે ચાળીશ રૂપિયા રોકડા મુંબાઇગરા અમોએ તમારી પાસેથી આજ દિને લીધા છે, માટે મુદતની અંદર તમો જ્યારે આવો ત્યારે તમોને કપાસ જોખી આપીએ જો કપાસ તમોને આપીએ નહિ તો ઠરાવેલી મુદતની અંદર કપાસનો જે વધારેમાં વધારે ભાવ હોય, તે પ્રમાણે હિસાબ કરતાં ખોટના જે રૂપિઆ થાય તેનો તથા બાનામાં લીધેલા રૂપિયાનો જવાબ અમો દઇએ. અગર તમો અમારી હરેક માલ મિલકતથી કે વાલી વારસથી પુરા કરી લ્યો. પણ તમો મુદતની અંદર કપાસ ભરાવી ન જાઓ તો તમારા બાનામાં આપેલા રૂપિયા જાય, મુદત વીતે અમો કશો જવાબ દઇએ નહિ.

આ કબાલો અમોએ અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુશિયારીથી લખી આપ્યો છે, તે અમારે કબુલ મંજુર છે. લી.   ધણી બેહજુર લખ્યો છે.

અત્ર	સહી	નત્ર	શાખ
બા.	ની સહી	૧ શા.	શાખ દ પોતે
દા. પોતે		૧ પા.	શાખ દ. પોતે

મુખ્તિયારનામું.

હું શા. ચુનીલાલ જમનાદાસ રહેવાશી શહેર અમદાવાદમાં કા-

ઉપર ચકલામાં ધનાસુતારની પોળના આ લેખ ઉપરથી શા. અમરતલલ પાનાચંદ રહેવાશી શહેર અમદાવાદમાં રાયપર ચકલામાં પરબડીની પોળનાને અખ્તિયાર આપી મુખ્તિયાર નીમું છે કે મારી વતી ગવરમેન્ટ અથવા કોઇપણ કોર્ટમાં દાવા કરવા સારૂ, તથા નકલો લેવા સારૂ, તથા હુકમનામાં થાય તેની બજવણી કરવા સારૂ, તથા કોર્ટમાં જોઇતી હકીકત આપવા સારૂ વગેરે જે જે કામ કરવાને મને છૂટ છે તે તે સર્વે કામ કરવા સારૂ મેં મારી રાજી ખુશીથી તમને મુખ્તિયાર પસંદ કર્યા છે તથા નીમ્યા છે. તા. માહે સન ૧૮૯૫

અત્ર સહી	અત્ર શાખ
૧ શા. ચુનીલાલ જમનાદાસની સહી. દા. પોતાના.	૧ શા. કાળીદાસ નારણ શાખ
	૧ ભટ કાશીરામ હરિરામશાખ

મનોયત્ન ૩ જું.

૧ અંગાઉ ખતમાં કઈ કઈ બાબતો લખવી પડે છે?

૨ અંગાઉ ખત કેટલી જાતનાં લખાય છે?

૩ વેચાણ ખતમાં ગીરોખતની કઈ કઈ બાબતો આવે છે?

૪ રાજમાર્ગ, આદેઅંગ, હસ્ત ખરાણુ દતવા, એકામત એકાજથ, પારસાતના અર્થ લખો.

૫ શાહજોગી હુંડી લખી લાવો.

૬ જમાની ખતમાં અને સાન ખતમાં ફેર શો છે?

૭ તલાકનામુ લખી લાવો.

૮ ભાડાચીઠી લખો.

૯ ૨૫ કળશી ઘઉં રૂ ૨૨) ને ભાવે રાખ્યા છે અને તેના બાનામાં રૂ ૫૦) આપ્યા છે તેનો કબાલો લખો.

૧૦ મુખ્તિયારનામુ લખો. (હકીકત તમારી મરજી પ્રમાણે લેજો.)

ભાગ ૪ થો. (અરજીઓ)

રાજ્ય બંધારણ.

હિંદમાં સર્વોપરી બ્રિટિશ રાજ્ય છે. અધીપતિ મહારાણી વિક્ટોરિયા લંડનમાં રહે છે પ્રધાનમંડળ પાર્લામેંટની સલાહ પ્રમાણે રાજ્ય ચલાવે છે. હિંદુસ્તાન ખાતાના પ્રધાનને સ્ટેટ સેક્રેટરી કહે છે.

હિંદુસ્તાનના સૌથી મોટા હાકેમને ગવર્નર જનરલ કે વાઇસરાય કહે છે. તેના હાથ નીચે દરેક વિભાગમાં ગવર્નર, લેફ્ટેનેન્ટ ગવર્નર, ચીફ કમિશનર વગેરે હાકેમ હોય છે.

મુંબાઇ ઇલાકામાં સિંધ, ઉત્તર, મધ્ય ને દક્ષિણ એવા ચાર પ્રાંત છે. દરેક પ્રાંતના અધિકારીને રેવન્યુ કમિશનર કહે છે. ઉત્તર પ્રાંતના કમિશનરના તાબામાં ગૂજરાતના બધા જીલ્લાની સાથે થાણા ને કોલાબા જીલ્લો છે.

રેવન્યુખાતું—મહેસુલ વસુલ કરવાનું કામ કરે છે. તેમાં મુખ્ય અધિકારી રેવન્યુ કમશનર છે, તેના હાથ નીચે દરેક જીલ્લામાં કલેક્ટર અને તેની મદદમાં આસિસ્ટંટ કલેક્ટર. ડીસ્ત્રીકટ ડેપ્યુટી કલેક્ટર, હજુર ડેપ્યુટી કલેક્ટર હોય છે. તાલુકે તાલુકે મામલતદાર, પહેલો કારકુન અને તાલુકો મોટો હોય તો મહાલકરી. દરેક ગામમાં ઊઘરાતદાર અને તલાટી હોય છે. જીલ્લાના અને તાલુકાના અધિકારીઓ ફોજદારી ગુન્હા ચૂકવે છે અને તે વખતે માજીસ્ટ્રેટ કહેવાય છે.

પોલીસખાતું—ચોર, ખુની, આગ સળગાવનાર વગેરે હરામખોરોને પકડીને શિક્ષા કરાવવાનું કામ કરે છે તેમાં દરેક જીલ્લે પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ, આસિસ્ટંટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ અને દરેક તાલુકે ચીફ કોન્સટેબલ (ફોજદાર) અને દરેક ગામમાં મુખી (પોલીસ પટેલ) હોય છે. તે સિવાય તાલુકામાં પોલીસનાં જુદાં જુદાં થાણાં હોય છે.

ન્યાયખાતું—આ ખાતાથી પ્રજાને ઇન્સાફ મળે છે. આ ખાતામાં મુખ્ય હાઇકોર્ટ છે, ત્યાં ઘણા જજ્જ સાથે બેશી ઇન્સાફ કરે છે અને તે ઇન્સાફ છેવટનો ગણાય છે. આ ઇલાકાની હાઇકોર્ટ મુંબાઇમાં છે. ઘણું કરીને દરેક જીલ્લે જીલ્લા જજ્જ હોયછે. તે ફોજદારી ગુન્હાનો ઇન્સાફ કરેછે ત્યારે તેને સેસન જજ્જ કહેછે. અને દીવાની ન્યાય કરે છે ત્યારે તે ડીસ્ટ્રીકટ જજ્જના નામે ઓળખાય છે તેના તાબામાં ફોજદારી અને દીવાની ખાતાના ન્યાય કરનાર જુદા જુદા અમલદાર હોય છે. ફોજદારી ગુન્હાનો ઇન્સાફ રેવન્યુ ખાતાના અધિકારીઓ કરે છે તે આગળ જણાવવામાં આવ્યું છે.

દીવાનીખાતામાં— લેણ્ દેણ્ અને કબજા ભોગવટાની ફરિયાદો થાય છે, તેને માટે જીલ્લે ડીસ્ટ્રીકટ જજ્જ હોય છે તે આગળ કહેવામાં આવ્યું છે ઘણું કરીને તાલુકે તાલુકે સબાર્ડીનેટ જજ્જ હોય છે. મોટાં શહેરોમાં સ્માલકાઝ કોર્ટો હોય છે. તેના ઉપર હાઇકોર્ટની દેખરેખ છે.

કેળવણી ખાતું—છોકરાંને ભણાવવાનું કામ કરે છે,આ ખાતામાં દરેક નિશાળમાં મુખ્ય શિક્ષક, (મેહેતાજી) તાલુકે તાલુકા માસ્તર, જીલ્લે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર. પ્રાંતમાં એજ્યુકેશનલ ઇન્સ્પેકટર અને ઇલાકે ડિરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશન એમ અધિકારીઓ છે. આ ખાતા ઉપર રેવન્યુ ખાતાની દેખરેખ રહે છે.

લોકલબોર્ડખાતું-લોકલફંડના પૈસાથી રેવન્યુખાતાના અધિકારીઓ ચલાવેછે, તેમાં મુખ્ય અધિકારી પ્રેસીડેન્ટ કે વાઇસ પ્રેસીડેન્ટ હોયછે.

મ્યુનીસીપાલખાતું—દરેક મોટા કસ્બામાં કે શહેરમાં હોય છે, તે નાકાવેરો કે ઘરવેરાથી પ્રજાની સુખશાંતી સંભાળે છે. તેમાં પણ મુખ્ય અમલદાર પ્રેસીડેન્ટ, ચેરમેન અને સેક્રેટરી હોયછે.

બીજાં ખાતાં ઘણાં છે પણ દરેક ખાતાની હકીકત આપવાથી

ઝાઝો લાભ નથી. એમ સમજી તેની હકીકત આપવામાં આવી નથી.

અરજીમાં લખવાની બાબતો.

૧ જે અધિકારીને અરજી કરવી હોય તેનું નામ સરકાર મહેરબાન કરીને લખવું. નહિ તો એકલો હોદ્દો લખવો. પછી તેનો વિભાગ લખવો.
૨ અરજદાર કયા ગામનો, તાલુકાનો અને જીલ્લાનો રહેવાશી છે તે લખવું.
૩ અરજદારે પોતાનું નામ અને પોતા તરફની સલામ લખવી.
૪ જે બાબતની અરજી હોય તે બાબત લખવી.
૫ જે જે કારણો પોતાના લાભનાં હોય તે તે કારણો કલમવાર લખવાં.
૬ છેવટ તારીખ નાંખવી.
૭ પોતાની સહી કરવી.
૮ અરજીનો જવાબ કયાં મળે તે લખવું.

નોકરી મેળવવાની અરજી.

મહેરબાન ×રાવસાહેબ મણીધરપ્રસાદ તાપીપ્રસાદ દેશાઇ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર.
અમદાવાદ વિભાગ.

સાહેબ મહેરબાનને નમ્રતાપૂર્વક સલામ સાથે વિનતિ કે મજકુર ગામની નિશાળનો ત્રી. આ ટ્રેનિંગ કોલેજમાં દાખલ થવાથી તેની ૩૮)ની જગો ખાલી પડેલી છે તે મને આપશો આ જગોને માટે મે માસ્તર સાહેબે ચો. આ. જે નિશાળના છઠ્ઠા ધોરણમાં પાસ છે તેને માટે ભલામણ કરેલી છે પણ તેના કરતાં હું વધારે લાયક છું.

×મુસલમાન કે પારસી ડેપ્યુટી ઇન્સ્પેકટરને ખાન સાહેબ લખવું જોઇએ - (મામલતદારને પણ આ નિયમ લાગુ પડે છે).

મેં થર્ડયેડની પરીક્ષાનું સર્ટીફીકેટ મેળવ્યું છે. અને હું ટ્રેનિંગ કોલેજની પ્રવેશક પરીક્ષામાં પાસ છું.

આપનો નિયમ પણ એવો છે કે નિશાળના છઠ્ઠા ધોરણમાં પાસ કરતાં થર્ડયેડમાં પાસ થએલાને પહેલો પસંદ કરવો, અને ટ્રેનિંગ કોલેજની કોઈ પરીક્ષા આપનારને તેથી વધારે હકદાર ગણવો, તો ઉપરની જગો માટે મને વધારે લાયક ગણુશો.

આપને છેવટ મારી એટલીજ વિનતિ છે કે સદરહુ જગો મને આપવાને આપને યોગ્ય ન લાગે તો ગો. આ. ની ખાલી પડતી ૩૭) ની જગો મને આપવાને કૃપા કરશો. તા.

મોજે ગામડી તા. દશક્રોઇની નિશાળના મેહેતાજી મારફત–	અરજદાર. પંડ્યા–મોતીરામ શંકરભાઇની અતિ નમ્રતાપૂર્વક સલામ.

નિશાળનું મકાન બાંધવાની અરજી.

મેહેરબાન×એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબ બહાદુર
ઉત્તર પ્રાંત.

સાહેબ મહેરબાનની જીનાબમાં મોજે કરમાડ તાલુકે જંબુસર જીલ્લે ભરૂચના ગામ લોકની અરજ એ છે કે–

અમારા ગામ ઉપર આપસાહેબે દયા કરી નિશાળ સ્થાપીછે, તેથી અમે આપના ઉપકારી છીએ.

હાલમાં આવેલા મહેતાજી સાહેબની કાળજીથી નિશાળમાં છોકરા ૬૦ ઉપરાંત રહે છે. પણ છોકરાને બેસવા લાયકનું ભાડાનું મકાન

× આ અરજી ડે. એ ઇ. ને તથા તાલુકાના મામલતદારને તેમજ કલેકટર સાહેબ બહાદૂરને પણ કરી શકાય.

આ ગામમાં મળી શકે એમ નથી. અને તેથી છોકરાં કેટલીક રીતે હેરાનગતી ભોગવે છે. માટે સવડવાળું મકાન નવું બંધાવી આપશો.

અમે ગામ લોકે ઉઘરાણું કરી રૂ ૨૦૦) ઉત્પન્ન કર્યા છે માટે બાકીના પૈસા આપના તરફથી ખર્ચ કરી પોંહોચો. છોકરા માય તેવી નિશાળ બંધાવી આપવાને મહેરબાની કરશોજી. તા. માહે
સન ૧૮૯ ગામ લોકે સહીઓ કરવી.

બાંધ કામની અરજી.

સરકાર મહેરબાન કલેકટર સાહેબ બહાદુર.
જીલ્લે ભરૂચ.

સાહેબ મહેરબાનની પવિત્ર સેવામાં મોજે સરભાણ તાલુકે આમોદના ગામ લોકની અરજ એ છે જે આ ગામના થડમાં આમોદની ખાડી આવેલી છે. ચોમાસાની અંદર ખાડીનું પાણી ગામમાં ભરાઇ જાય છે, ત્યારે ઘણાખરા લોકને દર વરસે થોડું નુકશાન વેઠવું પડે છે, માટે ખાડીનું પાણી ગામમાં ન આવે તેવું બાંધકામ કરવાને મહેરબાની કરશો.

ખાડીનું પાણી વરસો વરસ ગામમાં ઘણી વખત આવે છે અને તેથી ગામની જમીન ખોદાતી જાય છે માટે જો તેનો વેળાસર ઉપાય કરવામાં ન આવે તો એક વખત એવો પણ આવવાનો સંભવ છે કે ગામ ઉજડ થઇ જાય.

ખાડીમાં જ્યારે પાણી આવે છે ત્યારે એ અઢી માથોડાં હોય છે. તે છેક ગામમાં ધુસી ગઇ છે અને નાનાં છોકરાં અને જનાવરો તણાઈ જવાની જબરી ધાસ્તી છે.

આ ખાડીના ખોદાણથી ગામના તળાવની પાળો પણ ખોદાતી જાય છે અને તેનો વેળાસર ઉપાય નહિ લેવામાં આવે તો ત-

જાવના આરાના બાંધકામને પણ નુકશાન થાય એમ છે.

આવી રીતે આ ખાડીને લીધે અમે મહા આપદામાં આવી પડયા છીએ, અને અમારા બચાવ માટે આપને અરજ કરીએ છીએ. એવી શરતથી કે ખાડીથી ગામનો બચાવ થાય તેને માટે જે બાંધકામ કરવામાં આવે તેમાં રૂ ૪૦૦) અમો ગામ લોક મદદના આપીશું. ને ગાડાં મજૂર જોડીશું માટે આ ર દય ળુ સાહેબે ગામ લોકના ઉપર દયા કરવી એજ અરજ તા. મ. હે સન ૧૮૫

ગામ લોકની સહીઓ.

ઊધરાતદારનો રીપોર્ટ

મહેરબાન રા. સા. મામલતદાર સાહેબ.

તાલુકે વાગરા.

સાહેબ મહેરબાનની જનાબમાં મોજે કેસવણના ઊધરાતદાર પા. ની ઘણી નમ્રતા પૂર્વક સલામ બાદ વિનતિ કે સરવે નંબર ની પડતર જમીનમાં ખીજડનું ઝાડ હતું. તે મજકુર ગામના પગી. જુમાજી જાલુજીએ કાપીને અત્રેના શા. વેણીચંદ માધવદાસને ત્યાં વેચ્યું છે, તે લાકડ સદરહુ વેણીચંદના વાડામાં પડયાં છે માટે તાકીદે તપાસ થવાની જરૂર છે. નહિ તો ત્યાંથી લાકડાં બીજી જગોએ જશે. પછી મુદ્દાના માલનો પત્તો લાગવો મુશ્કેલ છે માટે તેની તજવીજ તાકીદે કરશો કે જેથી બીજા માણસો એ પ્રમાણે કરી સરકારની આવકને નુકશાન પહોચાડે નહિ. એજ અરજ. તા.

સહી. પા.

ઊધરાતદાર કેસવણ

તાજા કલમ-ગામનો તલાટી તેના દીકરાના લગ્નને લીધે ૧૦

દિવસની રજા ઉપર છે માટે મારે રીપોર્ટ કરવો પડયો છે. તા. સદર
સહી. પા.

ઊધરાતદાર કેસવણુ.

પોલીસ પટેલનો રીપોર્ટ.

સરકાર મહેરબાન ચીફ્કોન્સ્ટેબલ સાહેબ.

તાલુકે જંબુસર.

સાહેબ મહેરબાનની સેવામાં મોજે કનગામના પોલીસ પટેલ કાળીદાસ નારણજીની સલામ. બાદ વિનતિ કે મજકુર ગામનો સીમાડો જ્યાં નાદર અને કાવલીનો સીમાડો મળે છે ત્યાં કોઇ માણસને કોઇએ મારી નાખેલું જણવામાં આવતાં ત્યાં જઇ તજવીજ કરતા નીચે મુજબ જણાયું છે.

આ માણસ કોઇએ મારેલું છે કે દાટેલું મડદું જનાવરો ખોદી લાવેલાં છે તે નક્કી કહી શકાય તેગ નથી. કારણ કે જનાવરોએ એટલું બોનરી ખાધું છે કે તે કઇ જાતનું છે (પુરૂષ કે સ્ત્રી) એ નક્કી થઇ શકતું નથી. માટે બીજા બે ગામના પોલીસ પટેલને તેડાવી ગુન્હો માલૂમ નહિ પડવાથી પંચક્યાસ કરી તેને દટાવ્યુંછે. તે હકીકતની આપને આ રીપોર્ટથી જાહેર થવાને મારી અરજ છે.
તા૦ માહે સન ૧૮૯૫

સહી. કાળીદાસ નારણજી
પોલીસ પટેલ કનગામ.

રેલવેના ઉપરીને અરજી.

મહેરબાન ટ્રાફિક મેનેજર સાહેબ.
બી. બી. એન્ડ. સી આઇ. રેલવે.
મુ૦ મુંબાઈ.

સલામ સાથે વિનતિ કે ગોધરેથી સાગની જળાઉ કાઠીના

ડબા નં. ૧૫ અમારા ઉપર અમારા આડતીયા નરભેરામ કેશવશા- મે તા. ૮-૩-૯૬ ને રોજ વિદાય કર્યાં છે. અને તે તારીખની રસીદ અમારી પાસે આવેલી છે. ગોધરે તજવીજ કરી તો ત્યાંથી ડબા રવાના થઈ ચૂકયા જણાવે છે. તેમજ આણંદ અને અત્રે સુધીનાં બીજાં સ્ટેશનોએ પણ તે માલ જણાતો નથી; માટે મ- હેરબાની કરી સદરહુ ડબા ૧૫ નો પત્તો લગાડી વેળાસર અમને પહોચાડવા બંદોબસ્ત કરાવશો. તા. ૨૦-૩-૯૬

મોતીલાલ ઘેલાભાઇ
મેનેજર—ગુજરાત કોટનમીલ્સ કંપની
અમદાવાદ.

પોષ્ટ ખાતાના ઉપરીને અ જી.

મહેરબાન પોષ્ટલ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ.
મુંબઈ.

મોજે તોરણા તાલુકે કપડવણજ જીલ્લે ખેડાના નીચે સહી કરનારાઓની નીચેની અરજ રહેમ નીચામાં લેશોજી.

અમારા ગામમાં નાના પાયાપર પોષ્ટ ઓફીસ ઉઘાડવાની ઘણી જરૂર છે. કારણ અત્રે ઘણા વેપારી તથા નોકરીઆત લોકો વસે છે જે પેટી અત્રે રાખવામા આવી છે તેમાં કાગળો ભરાઇ જાય છે તથા ડિલેવરીપ્યુનને આ ગામના કાગળો ઘણા લાવવા પડે છે તે ઉપરથી આપની ખાતરી થશે કે અહીંના લોકો પત્ર વ્યવહાર વધારે કરે છે.

આ ગામના રજીષ્ટર કાગળો, તથા મનીઓર્ડર ઘણા થાય છે. ગામમાં પોસ્ટઓફીસ નહીં હોવાથી તે કામ કરાવવા કપડવ-

ખુબ ઘણા માણસોને જવું પડે છે. માટે કૃપા કરી આ ગામમાં પોષ્ટઓફીસ ઉઘાડશો. તા. (ગામ લોકની સહી.)

મ્યુનિસિપાલીટીના સેક્રેટરીને અરજી.

મહેરબાન રાવસાહેબ મ્યુનિસિપાલીટીના સેક્રેટરી

સાહેબ. અમદાવાદ.

સલામ વિશેષ મારૂં ઘર માંડવીની પોળમાં છીપામહાવજીની પોળમાં છે. તે ઉતરાવી તેનો સામાન પોળમાં છુટી જમીનમાં નાંખવાની જરૂર છે, તેમજ કાઠ-ઇંટો-ચૂનો વગેરે નાંખવાનું તથા કડીઆ સુતારને કામ કરવાનું પણ પોળની છુટી જમીનમાં છે માટે તે જગો વાપરવાને રજા ચીઠી આપશોજી.

આ સાથેના નકશા પ્રમાણે ઘરમાં ફેરફાર કર્યો છે તે બાબત પણ આપને જાહેર કરી છે. તા.

શા ભગવાન લલુ સહી દા. પોતે.

અરજી ઉપર કે પાકીટ ઉપરનાં મથાળાં.

મહેરબાન જે બી રીડ એસ્કવાયર.

રેવીન્યુ કમીશનર. ઉત્તર પ્રાંત.

મુ૦ અમદાવાદ કે સ્વારી.

મે૦ રાવસાહેબ લલુભાઇ કશનદાસ,

મામલતદાર સાહેબ તાલુકે મહેમદાવાદ.

મુ૦ મહેમદાવાદ.

રા. રા. હરિવલ્લભદાસ મોરલીધરદાસ
ફિમેલ ટ્રેનિંગકોલેજની પ્રાકટીસ સ્કુલના હેડ માસ્તર.
ઠે૦ માંડવીની પોળમાં છીપા માવજીની ખડકી.
અમદાવાદ.

મહેરબાન મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગકોલેજનાં
લેડી સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ.
અમદાવાદ.

મહેરબાન ઇ. જ્યાઇલ્સ. એકરવાયર
એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબ.
ઉત્તર પ્રાંત.

મહેરબાન આર્યોદય પ્રેસના મેનેજર.
અમદાવાદ.

મનોયત્ન ૪ થું.

૧ તમારા ગામમાં શા. કાળીદાસ અમીચંદના ઘરમાં ચોરી થવાથી રૂ ૧૫૦) કંઠી, રૂ ૫૦) કલ્લાં રૂ ૪૦) સાંકળાંની જોડ અને રૂ ૫૦)ની નાની નાની સોના રૂપાની જણુશો હરામખોર લઇ ગયાનો પોલીસ પટેલ તરીકે ફોજદારને રીપોર્ટ કરો?

૨ તમારા જીલ્લાના કલેકટરને અરજ કરો કે તમે થર્ડગ્રેડ પરીક્ષામાં પાસ થયા છો, માટે તલાટીની ખાલી પડતી જગો વહેંચવાના ઉમેદવારના લીસ્ટમાં તમારૂં નામ દાખલ કરે.

૩ તમારા ગામની સીમમાં કાબુલી લોકનું ટોળું આવી પડયું છે, તે સીમમાં પોતાનાં જનાવરોને ચારેછે ને પાકને નુકશાન કરેછે. માટે તાકીદે બંદોબસ્ત થવાને મામલતદારને તલાટી તરીકે રીપોર્ટ કરો.

૪ તમારા પાડોશીએ ઘર કરવા માંડયું છે, તેમાં તમારી ગજ ૦ાાા જમીન દબાવી છે માટે મામલતદારને અરજ કરો કે આ કામનો ફેંસલો થતા સુધી આગળ ચાલતું કામ બંધ રહે.

૫ મ્યુનીસિપાલીટીના સેક્રેટરીને અરજ કરો કે ઘર વેરામાં તમારા ઘરની આંકણી રૂ ૮૦૦) ની કરવામાં આવી છે તેમાં ભૂલ છે માટે જાતે આવીને તપાસી ફરીથી આંકણી કરે.

૬ સરવે નંબર ૩૦૬ ના ખેતરમાં બીલકુલ પાક થતો નથી માટે કલેક્ટરને અરજ કરો કે તે નંબર ઉપરથી તમે ખેડ હક ઉઠાવો છો માટે તમારા ખાતામાંથી તે નંબર કમી કરે.

૭ સરવે નંબર ૫૨૯ ની જમીન તમારે ખાતે ચાલે છેતેટલી નથી માટે હીસા માપણી કરવાને તાલુકાના મામલતદારને અરજી આપો.

૮ લોકલબોર્ડના પ્રેસીડેન્ટને અરજ કરો કે તમારૂં ગામ નાનું હોવાથી ગામ તરફથી મદદ થઇ શકે એવું નથી. માટે તેમની તરફથી તમારા ગામનું તળાવ ખોદાવે. તેમાં જણાવવું કે લોકલ ફંડનો લાભ મોટા ગામવાળાને તો મળે છે.

સમાપ્ત.

જાહેર ખબર.

આ ચોપડીની ૪૦૦૦) પ્રત ખપી ગઇ છે, તેથી માલૂમ પડશે કે આ ચોપડી કેટલી ઉપયોગી છે. અમે લોભ ન રાખતાં કીમત ઘણી સસ્તી રાખી છે.

અમારી તરફથી બહાર પડેલી ચોપડીઓની વિગત.

		કીમત.
મુસલમાની વખતનો હિંદુસ્તાનનો ઇતિહાસ.	(આવૃત્તિ સાતમી)	૦-૨-૦
હિંદુસ્તાનની ભૂગોળ.	(આવૃત્તિ આઠમી)	૦-૧-૦
મુંબાઇ ઇલાકાની ભૂગોળ ગૂ. ઇતિહાસ સાથે.	(આવૃત્તિ આઠમી)	૦-૧-૩
કાગળ તથા દસ્તાવેજના નમુના	(આવૃત્તિ ત્રીજી)	૦-૧-.
બોધવચન (છપાય છે)		૦-૦-૬

મળવાનાં ઠેકાણાં.

અમદાવાદ—બુકસેલર મોતીલાલ મગનલાલ પાસેથી
નીકોરા તા. **ભરૂચ**—રા. મથુરદાસ બહેચરદાસ પાસેથી.
બાવળા રા. મોતીલાલ મહાશંકર પાસેથી.
કપડવણજ—રા પ્રેમચંદ બેચરદાસ પાસેથી.
ડાકોર—મનસુખલાલ પરભુદાસ પાસેથી.

કમીશન દશ ઉપર રાખનારને સાડાબાર ટકા અને પચીશ ઉપર રાખનારને વીશ ટકા. ટપાલ ખર્ચ માફ. નોટપેડ કાગળ લેવામાં આવશે નહિં. પોસ્ટની ટીકીટો અગર મનીઓર્ડરથી નાણાં મોકલવાં.

અમદાવાદ—ઢાળનીપોળ. } **કેશવલાલમનસુખભાઇ.**
કર્તા.